CMYK CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમૂહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૭૯ પોષ-વદ ૧૨  ગુરૂવાર, તા.૧૯-૦૧-૨૦૨૩  અંક : ૧૩૮ વર્ષ : ૨૦  e-mail : sauaajtak@gmail.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

# ગુજરાતમાં મોંઘવારીનો વધુ કરંટ વીજ યુનિટે ૨૫ પૈસાનો વધારો

## ચાલુ માસથી જ અમલ : ૧.૪૦ કરોડ વીજ ગ્રાહકોને માથે મહિને ૧૬૭.૫૦ કરોડનો બોજ: કરવાનો નિર્ણય

ગાંધીનગર,

ગુજરાત વીજ નિયમન પચં દ્વારા ગુજરાતના વીજ વપરાશકારોને માથે પ્રતિ યુનિટ ૨૫ પૈસાનું યુલ સરચાર્જના નામે વધારો જીકી દેવાયો છે પરિણામે ગ્રાહકોને માથે દર મહિને ૧૬૭.૫૦ કરોડનો બોજ આવશે અને વાર્ષિક ૨૦૧૦ કરોડના વધારાનો ખર્ચ યુઅલ સરચાર્જના નામે જીકી દેવાયો છે.



આ વધારો જાન્યુઆરી માસથી સરકારી ઔધોગિક અને રહેણાક કેટેગરીના તમામ વીજ ગ્રાહકોને લાગુ કરવામાં આવશે. પરિણામે ત્રણ કેટેગરીના આશરે ૧ કરોડ ૪૦ લાખ વીજ ગ્રાહકો પર જબરદસ્ત બોજ આવશે. સર ચાર્જમાં આ વધારો મંજૂર કરવાના પરિણામે ચાર વીજ વિતરણ કંપનીઓને યુઅલ ચાર્જ વધુ વસૂલવા પરિપત્ર જાહેર કરી દેવાયો છે. વિધાનસભાની ચૂંટણીના કારણે મંજૂર કરવામાં આવ્યો નહોતો એટલે ચારેય સરકારી વીજ વિતરણ કંપનીઓ દ્વારા તેમના ગ્રાહકો પર કોઈ પણ પ્રકારનો સરચાર્જ વધારાનું વસૂલાયો નહોતો ઉપરોક્ત ગ્રાહકો પાસેથી યુનિટ દીઠ પિયા ૨.૬૦ લેખે યુઅલ સરર્ચાજ વસુલાતો હતો હવે ૨.૮૫ પૈસા આ સરચાર્જ વસૂલવાને મંજૂરી આપવામાં આવી છે.

### કોના પર કેટલો બોજ?

- રહેણાક કક્ષાના ગ્રાહકો ૧.૨૩ કરોડ
- કૃષિ ક્ષેત્રના ગ્રાહકો ૨૦ લાખ
- ઔધોગિક અને વાણિય ગ્રાહકો ૧૭ લાખ
- કુલ સરકારી વિજ ગ્રાહકો ૧.૬૦ કરોડ

### વીજ ફયુઅલ ચાર્જમાં ચાલુ માસથી વધારો-ચીફ એન્જિનિયર જે.જે.ગાંધી

વીજ ફયુઅલ ચાર્જમાં ૨૫ પૈસાના થયેલા વધારા અંગે પીજીવીસીએલ ચીફ એન્જિનિયર (ટેક) જે.જે.ગાંધીનો સંપર્ક કરાતા તેમણે જણાવ્યું હતું કે, ઉત્પાદનના ઈંધણ ખર્ચ અને વીજ ખરીદભાવોના આધારે દર ત્રણ માસે ફયુઅલ ચાર્જની સમીક્ષા કરાતી હોય છે. તેમાં છેલ્લા છ માસમાં કોઈ વધારો થયો નહતો. ત્યારે હાલમાં જાન્યુઆરી માસથી વીજ બિલમાં ફયુઅલ ચાર્જમાં ૨૫ પૈસાનો વધારો લાગુ કરાયો છે.

# ગુજરાતમાં ગાત્રો થીજવતી ઠંડી યથાવત




(એ.આર.એલ),અમદાવાદ,

રાજ્યમાં ગાત્રો થીજવતી ઠંડી યથાવત્ છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, મંગળવારે પણ ૧૧ શહેરમાં ઠંડીનો પારો ૧૦ ડીગ્રીથી નીચે રહ્યો હતો. આ કાતિલ ઠંડીમાં રાજકોટની શાળામાં વિદ્યાર્થિનીનું હાર્ટ-અટેકથી મૃત્યુ નીપજ્યું હતું. નલિયામાં ફરી સૌથી ઓછું તાપમાન ૨.૪ ડીગ્રી નોંધાયું હતું. અમદાવાદ સહિત રાજ્યનાં મોટા ભાગનાં શહેરોમાં મહત્તમ તાપમાન ૨૭ ડીગ્રી સેલ્સિયસથી ઓછું નોંધાયું હતું. હવે ધીરે ધીરે ઠંડીનું પ્રમાણ ઘટશે, જોકે રાજ્યમાં ૨૫ જાન્યુઆરીથી ઠંડીનો નવો રાઉન્ડ પણ શરૂ થવાનું અનુમાન છે. આ શિયાળાની સીઝન વધુ સમય સુધી રહેશે. સવાર અને રાત્રિ દરમિયાન વધુ ઠંડી અનુભવાશે, પરંતુ દિવસ દરમિયાન તાપમાન વધુ રહેવાની સંભાવના છે.

# યુક્રેનમાં હેલિકોપ્ટર તૂટી પડતા ૧૬ના મોત

## યુક્રેનના ગૃહમંત્રીનું પણ મોત, હુમલાના ષડયંત્રની શકયતા : યુક્રેન ગૃહ મંત્રાલય



(એ.આર.એલ),કીવ,તા.૧૮

યુક્રેન પર રશિયાની સેનાના હુમલા વચ્ચે રાજધાની કીવ પાસે બ્રોવેરી શહેરમાં આજે એક મોટો હેલિકોપ્ટર અકસ્માત થયો. જેમાં સ્થાનિક ગૃહમંત્રી સહિત ઓછામાં ઓછા ૧૬ લોકોના મોતના સમાચાર છે. મૃતકોમાં બાળકો પણ સામેલ છે. યુક્રેનના ગૃહ મંત્રાલય દ્વારા કહેવાયું છે કે આ અકસ્માતમાં ષડયંત્રની શક્યતાનો ઈંકાર કરી શકાય નહીં. રહેણાંક વિસ્તારમાં થયેલા આ અકસ્માતમાં ૧૦ બાળકો સહિત બે ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે. જેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

યુક્રેનની રાષ્ટ્રીય પોલીસના પ્રમુખ ઈહોર ક્લેમેનકોએ જણાવ્યું કે કીવના પૂર્વ ઉપનગર બ્રોવેરીમાં ઈમરજન્સી સેવાનું હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું. જીવ ગુમાવનારાઓમાંમાથી ૯ લોકો હેલિકોપ્ટરમાં સવાર હતા. પોલીસના જણાવ્યાં મુજબ હેલિકોપ્ટર દુર્ઘટનામાં ગૃહમંત્રી અને ઉપમંત્રીના મોત થયા છે.

યુક્રેનના સુરક્ષા વિશેષજ્ઞ મારિયા અવદીવાએ ટ્વીટ કરીને જણાવ્યું કે બ્રોવેરી મંત્રી અને યુક્રેનના આંતરિક મામલાઓના ઉપમંત્રીનું હેલિકોપ્ટર અકસ્માતમાં મોત થયું છે. બાળકોની શાળા પાસે ઈમરજન્સી સર્વીસ હેલિકોપ્ટર તૂટી પડવાથી આ દુર્ઘટના ઘટી. જેમાં ૨ બાળકો સહિત ૧૬ લોકોના મોત થયા.

યુક્રેનના રાષ્ટ્રીય પોલીસ વડા ઇહોર ક્લાયમેક્રોએ જણાવ્યું હતું કે ઈમરજન્સી સર્વિસ હેલિકોપ્ટર કિવના પૂર્વ ઉપનગર બ્રોવરીમાં ક્રેશ થયું હતું. જીવ ગુમાવનારા લોકોમાં ૯ લોકો હેલિકોપ્ટરમાં મુસાફરી કરી રહ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, હેલિકોપ્ટર દુર્ઘટનામાં ગૃહ પ્રધાન ડેનિસ મોનાસ્ટિસ્કી, તેમના નાયબ યેવેન યેનિન અને રાજ્ય સચિવ યુરા લુબકોવિચ માર્યા ગયા હતા.

યુક્રેનની સુરક્ષા વિશેષજ્ઞ મારિયા એવડીવાએ ટ્વીટ કરીને જણાવ્યું કે, હેલિકોપ્ટર દુર્ઘટનામાં યુક્રેનના આંતરિક બાબતોના મંત્રી અને નાયબ મંત્રીનું મૃત્યુ થયું છે. ઈમરજન્સી સેવાનું હેલિકોપ્ટર કિન્ડરગાર્ટન પાસે પડતાં આ અકસ્માત થયો હતો. જેમાં ૨ બાળકો સહિત ૧૬ના મોત થયા છે. અકસ્માત બાદ ભીષણ આગ હેલિકોપ્ટર બ્રોવરી શહેરમાં રહેણાંક મકાન નજીક ક્રેશ થયું હતું.

હાલ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે બચાવ કામગીરીમાં લાગેલી છે.સળગતી ઈમારતની અંદર હજુ પણ બાળકો હાજર છે. અમે સંજોગો વિશે માહિતી મેળવી રહ્યા છીએ. આ વીડિયોમાં એક સળગતી ઈમારત દેખાઈ રહી છે. વિડિયોમાં એક રમતનું મેદાન જ્વાળાઓમાં લપેટાયેલું અને હેલિકોપ્ટરના કાટમાળમાં ઢંકાયેલું જોવા મળે છે.

રશિયન હુમલામાં પાંચ બાળકો સહિત ૪૪ લોકો માર્યા ગયા હતા દક્ષિણ-પૂર્વ યુક્રેનમાં એક રહેણાંક મકાન પર રશિયા દ્વારા કરવામાં આવેલા મિસાઈલ હુમલામાં પાંચ બાળકો સહિત કુલ ૪૪ લોકો માર્યા ગયા હતા. બહુમાળી ઈમારતમાં લગભગ ૧,૭૦૦ લોકો રહેતા હતા અને અંતિમ મૃત્યુઆંકમાં હુમલા પછી ગુમ થયેલા બે ડઝન લોકોનો સમાવેશ થાય છે, એમ તેમણે જણાવ્યું હતું

# દ્રાસ -૨૯ડીગ્રીથી થીજ્યું

## આગામી ૨૪ કલાક અત્યંત ઠંડી રહેશે



એક તરફ સમગ્ર ઉત્તર ભારત તો ઠંડીથી થરથરી રહ્યું છે ત્યારે લદાખ વિસ્તારમાં રહેલું દ્રાસ શૂન્યથી નીચે ૨૯ ડીગ્રીથી થીજી રહ્યું છે. મંગળવારે સવારે તો શ્રીનગરમાં નળમાં પણ બરફ જામી ગયો હતો. શ્રીનગરમાં માઈનસ ૨.૭ ડિગ્રી સેલ્સીયસ, પહેલગામમાં માઈનસ ૧૧.૮ અને ગુલમર્ગમાં માઈનસ ૧૧.૫ ડિગ્રી સેલ્સીયસ, ઉષ્ણતામાન રહ્યું છે. કારગીલમાં પારો શૂન્યથી નીચે ૨૦.૯ ડિગ્રી જેટલો નીચે ઉતરી ગયો હતો લેહ તેથી થોડુ ઓછું ઠંડુ રહ્યું ત્યાં -૧૫.૬ સેલ્સીયસ ઉષ્ણતામાન નોંધાયું છે.

# પાકિસ્તાનથી આવેલા ડ્રોનને તોડી પડાયું

## ડ્રોનમાં ચાર ચાઈનીઝ પીસ્તલ, આઠ મેગેઝીન અને ૪૭ કારતૂસ મળ્યા

નવીદિલ્હી

પંજાબના ગુરદાસપુરમાં સીમા સુરક્ષા દળોએ તસ્કરોના ખતરનાક ઈરાદાઓને નિષ્ફળ બનાવતાં પાકિસ્તાની ડ્રોનને તોડી પાડ્યું છે. સુરક્ષા દળોની ટીમે ડ્રોનમાંથી ચીન બનાવટની ચાર પીસ્તલ, આઠ મેગેઝીન અને ૪૭ કારતૂસ કબજે કર્યા છે.

બીએસએફે જણાવ્યું કે, ૧૭-૧૮ જાન્યુઆરીએ ગુરદાસપુરના ઉંચા ટકલા ગામના બહારના વિસ્તારમાં તૈનાત બીએસએફના એક ટીમે પાકિસ્તાન તરફથી આવનારા એક શંકાસ્પદ ડ્રોનનો અવાજ સાંભળ્યો હતો. બીએસએફની ટીમે ત્વરિત કાર્યવાહી કરતાં શંકાસ્પદ ડ્રોનની દિશામાં ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગ દરમિયાન કંઈક પડવાનો અવાજ પણ સંભળાયો હતો. જેથી સર્ચ ઓપરેશન કરવામાં આવતાં ત્યાં ચાર ચાઈનીઝ પીસ્તલ, આઠ મેગેઝીન મળી આવ્યા હતા.બીએસએફ સેક્ટરના ગુરદાસપુર ડીઆઈજી પ્રભાકર જોશીએ જણાવ્યું કે, બીએસએફના જવાનોને ડ્રોનનો અવાજ સંભળાયો હતો જેથી જવાનોએ અંદાજે ૧૭ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ દરમિયાન ડ્રોનમાંથી કંઈક નીચે પડવાનો અવાજ સંભળાયો હતો.

બીએસએફે જણાવ્યું કે જ્યારે તલાશી લેવામાં આવી તો એક પેકેટ મળ્યું હતું જેમાંથી ચાર ચાઈનીઝ પીસ્તલ, આઠ મેગેઝીન અને ૪૭ રાઉન્ડ મળી આવતાં તેને કબજે કરીને આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

### પૂર્વોત્તરના ૩ રાજ્યો ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયમાં ચૂંટણીનું બિગુલ વાગી ગયું

# ત્રિપુરામાં ૧૬ ફેબ્રુઆરી, મેઘાલય અને નાગાલેન્ડમાં ૨૭ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે, ૨ માર્ચે પરિણામ આવશે

(એ.આર.એલ),નવીદિલ્હી,

ચૂંટણી પંચે ત્રણ રાજ્યોમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી દીધી છે. મુખ્ય ચૂંટણી કમિશનરે પત્રકાર પરિષદ યોજીને કહ્યું કે, ત્રિપુરામાં ૧૬ ફેબ્રુઆરી, મેઘાલય અને નાગાલેન્ડમાં ૨૭ ફેબ્રુઆરીએ મતદાન થશે. ચૂંટણીનું પરિણામ ૨ માર્ચે જાહેર કરવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યુ કે, ૩ રાજ્યોમાં કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. લોકતંત્રના પર્વની બધાને શુભેચ્છાઓ. તેમણે કહ્યું કે, લોકતંત્રમાં હિંસાને કોઈ સ્થાન નથી. નાગાલેન્ડ, મેઘાલય અને ત્રિપુરાનો પાંચ વર્ષનો વિધાનસભા કાર્યકાળ ૧૨ માર્ચ, ૨૨ માર્ચ અને ૧૫ માર્ચે સમાપ્ત થઈ રહ્યો છે. આ પહેલા નવી વિધાનસભાની રચના થવાની છે. ચૂંટણી પહેલા રાજકીય દળોએ પોતાની રણનીતિ પર કામ શરૂ કરી દીધુ છે. નોંધનીય છે કે મેઘાલય. ત્રિપુરા અને નાગાલેન્ડમાં ૬૦-૬૦ વિધાનસભા સીટો છે. આ સમયે ત્રિપુરામાં ભાજપની સરકાર છે તેથી ભાજપ ત્યાં વધુ ધ્યાન આપી રહ્યું છે. ત્રિપુરામાં વામ દળ અને આદિવાસી પાર્ટી ભાજપ માટે પડકાર ઉભો કરી શકે છે. પૂર્વોત્તરના ત્રણ રાજ્યોમાં આ વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાશે. ત્રિપુરામાં ભાજપની સરકાર છે,



તો નાગાલેન્ડમાં નેશનલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગેસિસ પાર્ટી સત્તામાં છે.

### દરેકને સન્માન સાથે મરવાનો અધિકાર

# ઈચ્છામૃત્યુના નિયમોમાં સુધારો કરવા સુપ્રીમ તૈયાર

## કોર્ટે કહ્યું કે જો કોઈ વ્યક્તિ તેની સારવાર રોકવા માંગે છે તો તેને મંજૂરી આપવાનો નિયમ હોવો જોઈએ

(એ.આર.એલ),નવીદિલ્હી,

નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ પર ઐતિહાસિક ચુકાદો આપ્યાના ચાર વર્ષ બાદ સુપ્રીમ કોર્ટ ૨૦૧૮ના નિર્દેશોમાં સુધારો કરવા સંમત થઈ છે. કોર્ટે કહ્યું છે કે જે લોકો ગંભીર રીતે બીમાર છે અને જીવન નિર્વાહ કરી રહ્યા છે તેમને સન્માન સાથે મરવાનો અધિકાર છે. તેને કાયદાકીય ગૂંચમાં ન ફસાવી જોઈએ અને તબીબી નિષ્ણાતોએ પણ આ બાબતે સંજ્ઞાન લેવું જોઈએ. કોર્ટે કહ્યું કે જો કોઈ વ્યક્તિ તેની સારવાર રોકવા માંગે છે તો તેને મંજૂરી આપવાનો નિયમ હોવો જોઈએ.

જસ્ટિસ કેએમ જોસેફની અધ્યક્ષતાવાળી બેંચે કહ્યું કે, કોર્ટે મૃત્યુના અધિકારને પણ મૂળભૂત અધિકાર તરીકે જાહેર કર્યો છે. હવે તે જટિલ ન હોવું જોઈએ. આ બેંચમાં જસ્ટિસ અજય રસ્તોગી, અનિરુદ્ધ બોઝ, હૃષિકેશ રોય અને જસ્ટિસ સીટી રવિકુમાર સામેલ હતા. બેન્ચે કહ્યું કે લિવિંગ વિલને લઈને ૨૦૧૮માં બનાવવામાં આવેલી માર્ગદર્શિકામાં સુધારાની જરૂર છે. પરંતુ આપણે એ વાતનું પણ ધ્યાન રાખવું પડશે કે તેનો દુરુપયોગ ન થાય. ૨૦૧૮ના ચુકાદા મુજબ, લિવિંગ વિલ કોઈપણ પુખ્ત વ્યક્તિ કરી શકે છે અને તેના પર બે પ્રમાણિત સાક્ષીઓની હાજરીમાં સહી કરવી પડે છે અને પછી સંબંધિત ન્યાયિક મેજિસ્ટ્રેટ દ્વારા મંજૂરી આપવામાં આવે છે.

### કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સિમી પરના પ્રતિબંધને યોગ્ય ઠેરવ્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૮

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને સિમી પરના પ્રતિબંધને યોગ્ય ઠેરવ્યો છે.કેન્દ્રએ કોર્ટને કહ્યું છે કે તે ભારતમાં ઈસ્લામિક શાસન સ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે કોઈપણ સંગઠનને અસ્તિત્વમાં રહેવા દેશે નહીં. કેન્દ્ર તરફથી કહેવામાં આવ્યું છે કે સિમી ભારતીય રાષ્ટ્રવાદની વિરુદ્ધ છે.

સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારે એફિડેવિટ દાખલ કરીને કહ્યું કે સિમી ઈસ્લામિક સિસ્ટમ સાથે બદલાવ લાવવાનું કામ કરે છે. આ ભારતીય રાષ્ટ્રવાદની વિરુદ્ધ છે.



CMYK CMYK

# અમરેલીની સિવિલ હોસ્પિટલની સારવાર કરવી જરૂરી

## જિલ્લા કક્ષાની એકમાત્ર સિવિલ હોસ્પિટલને પીપીપી ધોરણે ચલાવવાનું શરૂ થતા દર્દીઓની હાડમારી વધી






મિલાપ રૂપારેલ અમરેલી,
અમરેલીમાં આવેલ જિલ્લા કક્ષાની એકમાત્ર સિવિલ હોસ્પિટલને મોટા ઉપાડે પીપીપી ધોરણે શરૂ થતા દર્દીનારાયણની મુશ્કેલીમાં વધારો થયાની ફરિયાદ ઉભી થઇ રહી છે. ગરીબ દર્દીઓને બહારથી દવા લખી આપવા ઉપરાંત બિનજરૂરી ટેસ્ટ માટે શહેરની ખાનગી લેબોરેટરીમાં ધકેલાતા હોવાની પણ બુમ ઉઠી છે.

અમરેલીના પનોતાપુત્ર અને રાજયના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાએ જિલ્લાના ગરીબ દર્દીઓના હિતમાં અમરેલી ખાતે વિશાળ પટાંગણમાં ૬૦ વર્ષ પહેલાની ઉત્તમ સારવાર મળી રહે તે માટે સિવિલ હોસ્પિટલનું નિર્માણ કર્યા બાદ લગભગ બે થી અઢી દાયકા સુધી સિવિલ હોસ્પિટલની સેવા સુંદર બની રહી અને છેલ્લા ૨૦-૨૫ વર્ષથી દિનપ્રતિદિન સિવિલ હોસ્પિટલની સેવાકથળતા રાજ્ય સરકારે અમરેલીની સિવિલ હોસ્પિટલના મેદાનમાં મેડિકલ કોલેજ ઉભી કરવા માટે ખાનગી ટ્રસ્ટને તમામ સંચાલન સોંપી દીધુ અને જિલ્લાની જનતાને ઉત્તમ સારવાર મળી રહે તેવો હેતુ સરકારનો રહયો.

પરંતુ, ખાનગી ટ્રસ્ટને સંચાલન સોંપાયુ અને સાથોસાથ મેડિકલ કોલેજ કાર્યરત થતા સૌને એમ થયુ કે હવેથી, સિવિલ હોસ્પિટલમાં તમામ સારવાર, ટેસ્ટ વિનામૂલયે થઇ શકશે. પરંતુ, સોનોગ્રાફી અઠવાડીએ એક વખત, એમઆરઆઇ માટેની હજુ સધુી કોઇ સુવિધા નથી. ગંભીર પ્રકારનાં રોગોની પણ સારવાર ઉપલબ્ધ નથી. દર્દીઓને ગંભીર બીમારીમાં રાજકોટ, ભાવનગર કે અમદાવાદ ધકેલી દેવામાં આવે છે. તો સામાન્ય પ્રકારની સારવારમાં તમામ દવાઓ વિનામૂલ્યે અપાતી નથી. બહારના મેડિકલ સ્ટોરમાં મળે તે પ્રકાર દવા લખી આપવામાં આવે તેમજ બિનજરૂરી ટેસ્ટ ખાનગી નિષ્ણાંતોને ત્યાં મોકલી દેવાતા હોવાની પણ ફરિયાદ દર્દીનારાયણમાંથી ઉભી થવા પામેલ છે. તાજેતરમાં મોતિયાના ઓપરેશનમાં પણ ગંભીર બેદરકારી બહાર આવી હતી તેમજ મેડિકલ કોલેજમાં ફાયર સેફટીનો અભાવ હોવાથી સીલની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જિલ્લાના તમામ ધારાસભ્યો અને સાંસદો સિવિલ હોસ્પિટલની આકિસ્મક મુલાકાત લઇને દર્દીનારાયણની પિડા સાંભળીને તેનું નિરાકરણ લાવીને પુણ્યનું અનેફરજનું ભાથુ બાંધવુ જોઇએ તેવું સૌ કહી રહયું છે.

# અમરેલીના હરિપુરા ખાતે ખેડૂતોને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વિશે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યા







અતુલ કારીયા અમરેલી તા.૧૭
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી સંચાલિત, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અમરેલી દ્વારા તાજેતરમાં અમરેલી તાલુકાના હરિપુરા ગામ ખાતે ખેડૂતોને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વિશે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા શ્રી ડૉ. એન. એસ. જોષીના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિષે માહિતી આપવામાં આવી. આ તાલીમ કાર્યક્રમમાં કૃષિ વૈજ્ઞાનિક શ્રી ડૉ. પી. જે. પ્રજાપતિ અને શ્રી વી. એસ. પરમાર દ્વારા ખડુતોને, ખેતીમાં ઓછા ખેતી ખર્ચે વધુ સારી ખેતી, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય સુધરે તે અંતર્ગત પ્રાકૃતિક ખેતીનું મહત્વ, વિવિધ ગાય આધારિત ખાતરો જેવા કે જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત, મિશ્રપાક પદ્ધતિ, રોગ અને જીવાત નિયંત્રણ માટે વનસ્પતિ આધારિત દવાઓ બનાવવાની પદ્ધતિ વગેરે વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર, અમરેલી તથા બીસીઆઈ પ્રોજેક્ટના કર્મચારીઓએ પણ ઉપસ્થિત રહી વધુ અસરકારક ખેતી માટે અને તેનાથી થતાં ફાયદાઓ વિશે જણાવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં ખેડુતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# અમરેલીનાં કર્મકાંડી વિદ્વાન બ્રાહ્મણ વિમલ શુકલ (ગલાભાઇ ગોર)નું નિધન થયું



અમરેલી,
અમરેલીનાં કર્મકાંડી બ્રાહ્મણ વિમલ શુકલ કે જેઓ શહેરભરમાં ગલાભાઇ ગોર તરીકે ઓળખાતા હતા. તેઓનું અમદાવાદ ખાતે સારવાર દરમિયાન નિધન થતા યજમાનોમાં શોકનો માહોલ છવાયો છે. ગલાભાઇ ગોરનું જીવન એકદમ સરળ અને સાદગીભર્યુ રહયુ અને તેઓ યજમાનોની દુઃખ, ચિંતા દુર કરવા માટે શાસ્ત્રોકત વિધિ કરવામાં અગ્રેસર હતા.

હંમેશા હસમુખો ચહેરો, સંતોષી જીવ હોવાથી તેમના યજમાનોને પણ દરેક ધાર્મિકવિધિમાં તેઓ વગર ચાલતુ નહી અને તેઓ અનેકનાં સંકટ દુર કરવામાં સફળ રહયા હોય તેમના નિધનથી અમરેલીએ એક કર્મકાંડી બ્રાહ્મણની સાથે એક સજજન નાગરિક ગુમાવી દેતા શોકનો માહોલ છવાયો છે.

# મોરબીઃ ૨૫મીએ ૫૬ નવદંપતિઓ પ્રભુતામાં પગલાં પાડશે, ઉમિયા પરિવાર દ્વારા રજત જયંતિ સમૂહ લગ્નોત્સવ યોજાશે

સન્ની વ્યાસ દ્વારા મોરબી, તા. ૧૮
લગ્નએ દરેકના જીવનનું અમૂલ્ય સંભારણું છે. ત્યારે આજના આધુનિક યુગમાં શ્રીમંત વર્ગને તો ખર્ચાળ લગ્ન કરવા પરવડે પરંતુ જરૂરિયાત વર્ગ માટે જાજરમાન લગ્ન દિવાસ્વપ્ન સમાન બની ગયા છે ત્યારે મોરબી જીલ્લા ઉમિયા પરિવાર સમૂહ લગ્ન સમિતિ દ્વારા આગામી ૨૫મી જાન્યુઆરીના રોજ રજત જયંતિ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એક સાથે ૫૬ નવદંપતિઓ જાજરમાન લગ્નોત્સવમાં પ્રભુતામાં પગલાં પાડશે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર મોરબીના ચાચાપર મુકામે આગામી તા.૨૫ જાન્યુઆરીને બુધવારના રોજ મોરબી જિલ્લા ઉમિયા પરિવાર દ્વારા રજત જયંતિ સમૂહલગ્નોત્સવ યોજવામાં આવશે.જેમાં કાર્યક્રમની રૂપરેખાની વાત કરીએ તારીખ ૨૪ના રોજ ગણેશ સ્થાપના/મંડપ મુહુર્ત યોજાશે. જે બાદ તારીખ ૨૫ના રોજ સવારે ૬ વાગ્યે જાનનું આગમન થશે. ૬:૩૦ વાગ્યે સામૈયુ, ૭:૩૦ કલાકે હસ્ત મેળાપ, ૧૦ કલાકે આશીર્વચન, ૧૧:૩૦ કલાકે ભોજન સમારંભ અને બપોરે ૦૧:૦૦ કલાકે કન્યા વિદાય થશે.

આ શુભપ્રસંગે ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખ બાબુલાલ જમનાદાસ પટેલ, નકલંકધામ બગથળાના મહંત દામજીભગત, ઉમિયા માતાજી મંદિર સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાળિયા, સમાજ શ્રેષ્ઠી મથુરભાઈ સવાણી, આર.પી.પટેલ, ગોવિંદભાઈ ધોળકિયા, ગોવિંદભાઈ વરમોરા, બાબુભાઈ ઘોડાસરા, પ્રવીણભાઈ ભાલોડીયા, મોહનભાઈ કુંડારીયા, જયંતીભાઈ કવાડીયા, મોરબી જિલ્લાના ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા, દુર્લભજીભાઈ દેથરીયા, પ્રકાશભાઈ વરમોરા, પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજા, પૂર્વ ધારાસભ્ય લલિતભાઈ કગથરા, બાવનજીભાઈ મેતલીયા, કોંગ્રેસ જિલ્લા પ્રમુખ જયંતીભાઈ જેરાજભાઈ પટેલ, સહકારી અગ્રણી મગનભાઈ વડાવિયા સહિતના મહાનુભાવો હાજર રહેશે અને નવદંપતિને આશીર્વાદ પાઠવશે.

# તુલસીશ્યામ ટ્રસ્ટને પૂર્વ સાંસદ દિલીપ સંઘાણી દ્વારા રૂા. ૨૧ લાખનું દાનઃ સન્માન



અમરેલી,
યાત્રાધામ તુલસીશ્યામ ખાતે મકરસંક્રાંતિનાં દિને પુર્વ સાંસદ દિલીપ સંઘાણીએ દર્શન કરી પરમ મિત્ર સ્વ. પ્રતાપભાઈ વરૂના કાયમી સંભારણા માટે રૂા.૨૧ લાખનુ દાન ટ્રસ્ટને આપ્યુ હતું. ટ્રસ્ટ દ્વારા તેઓનું સન્માન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે મનુભાઈ ધાખડા, કાળુભાઈ માલાણી, માવજીભાઈ ગડેલ, રતુભાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# લાઠીના ચાવંડ ગામનાં વતની અને ઓરિસ્સાનાં કેબિનેટ મંત્રીએ પટેલ સંકુલની મુલાકાત લીધી



અમરેલી,
અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણીક સંકુલ ખાતે તા.૧૪/૧/૨૦૨૩ ના રોજ ઓરિસ્સા રાજયનાં કેબિનેટ કક્ષાનાં મંત્રી રાજેન્દ્રભાઈ ધોળકિયા જે અમરેલી જિલ્લાનાં ચાવંડ ગામનાં વતની છે. અને ત્યાં પ્લાનિંગ ડીપાર્ટમેન્ટ વિભાગનાં કેબિનેટ મંત્રી છે. ત્યાં ઓરિસ્સા રાજયમાં અને સેવાકીય જાહેરહિત પ્રવૃતિમાં જોડાયેલા છે. તેમની સાથે પટેલ સમાજનાં અગ્રણી એમ.કે.સાવલિયા, સંસ્થાનાં ટ્રસ્ટી ચતુરભાઈ ખુંટ, નિયામક મનસુખભાઈ ધાનાણી, વલ્લભભાઈ રામાણી,મગનભાઈ વસોયા, મુકેશભાઈ શિરોયા, ધર્મેશભાઈ કોલડિયા, જોડાયેલ મંત્રીએ સંસ્થાનાં તમામ વિભાગનું નિરીક્ષણ કરી. જણાવેલ કે ગુજરાત રાજયમાં આટલી બધી દીકરીઓ અને નજીવી ફિ માં શિક્ષણ મેળવી રહી છે. તે આજે જાણવા મળ્યું અમરેલી જિલ્લાનાં વતની તરીકે હું ગૌરવ લઈ શકુ છું કે, અમરેલીમાં આવી ગૌરવ વંતી સંસ્થા કામ કરી રહી છે. તેમ સંસ્થા વતી વલ્લભભાઈ રામાણીની યાદીમાં જણાવાયું છે.

# ખાંભાનાં યુવકે પક્ષી બચાવો અભિયાન શરૂ કરી ઉમદાકાર્ય કર્યુ



અમરેલી,
ખાંભાના ભગવતીપરા ખાતે રહેતા અને ખચહ ભવનમાં સ્પેશિયલ એજયુકેટર(યભમ) તરીકે ફરજ બજાવતા યુવાન દ્વારા છેલ્લા પાંચ વર્ષથી દર ઉત્તરાયણમાં પક્ષી બચાવોનો અનોખો સેવાયજ્ઞ ચલાવતા અજય સરવૈયા દ્વારા ઉત્તરાયણમાં પતંગ રસિયા દ્વારા પતંગના પેચ લગાવી એક બીજાની પતંગો કાપતા રસ્તા ઉપર, વૃક્ષ, થાંભલા, છત, નળિયા, જાહેર રોડ ઉપર પતંગસાથેની દોરીઓ પડી હોય કે લટકતી હોય તે ભેગી કરી પક્ષીઓને ઉડવામાં નડતરરૂપ પતંગના જીવલેણ દોરાથી ઉત્તરાયણ બાદ પક્ષીઓ ઘાયલ ન થાય તે માટે સેવાયજ્ઞ ચલાવી ૩ થી ૧૫ વર્ષના બાળકોમાં પણ જીવ દયાનો ભાવ જાગે અને જીવો અને જીવવા દો ના ઉદ્દેશ્યના સંસ્કાર બાળપણથી જ મળે તેવા આશયથી બાળકો દ્વારા રોડ, વૃક્ષ, રસ્તામાંથી કે જયાં પણ પતંગના જીવલેણ દોરા જોવા મળે તેના ગુંચળા ભગવતીપરા ખાતે અજય સરવૈયાની પાસે જમા કરાવી ચવાણું,ચોકલેટ, મીઠાઇ ભરેલ નાસ્તાના પ્લાસ્ટિકના ભરેલા ડબ્બા નકામા દોરાનાં લાવેલ દોરાના ગુચલાંના બદલામાં બાળકોને વિના મુંલ્યે આપી પ્રોત્સાહિત કરી જીવલેણ દોરાના ગુંચળા અને ફાટેલા પતંગો સળગાવી નકામા દોરાનો નાશ કરી ખરા અર્થમાં પક્ષી બચાવો અને જીવો અને જીવવા દો નો ઉદ્દેશ્ય સાર્થક કરી અનોખો સેવાયજ્ઞ ચલાવી બીજા સર્વને પણ પ્રેરણા આપે છે.

## મોરબી શ્રી ઘનશ્યામ મહારાજ સેવાલ મંડળ દ્વારા દિવ્ય- ભવ્ય શાકોત્સવનું આયોજન કરાયું

મોરબી તા ૧૮
પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા તેમની હજૂર સેવામાં રહેલા સદગુરુ શ્રી ધ્યાનિ સ્વામિજીના આશીર્વાદથી મોરબી શ્રી ઘનશ્યામ મહારાજ સેવક મંડળ દ્વારા દિવ્ય – ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું આ શાકોત્સવની પ્રણાલિકા ખુદ ભગવાન સ્વામિનારાયણ દ્વારા શરૂ કરવામાં આવી હતી. સંપ્રદાયમાં સૌ પ્રથમ વખત ભગવાને સ્વયમ શાક વઘારીને સૌ કોઈ ભક્તજનોને લાભ આપ્યો હતો. એ ઉત્સવની યાદી રૂપે દર વર્ષે શાકોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ ઉત્સવનું આયોજન ૧૫/૦૧/૨૦૨૩ ને રવિવાર ના રોજ શ્રીજી હૉલ, સનાલા રોડ, મોરબી ખાતે કરવામાં આવ્યું હતું જેમાં આણંદ રોકડીયા હનુમાન મંદિરના મુખ્ય કોઠારી તેમજ કણભા સ્વામીનારાયણ ગુરકુલના મેનેજિંગ ટ્રસ્ટી શાસ્ત્રી સ્વામિ સત્સંગ ભૂષણદાસજી સ્વામિ જ સંત મંડળ સાથે પધાર્યા હતાં.

# રાજકોટથી બે નવી ફલાઈટની જાહેરાતઃ માર્ચથી ઉદેપુર અને ઈંદોરની ફલાઈટ મળશે

## ગોઆની ફલાઈટની પણ વધુ એક સુવિધા



રાજકોટ તા. ૧૮
રાજકોટ સહીત સમગ્ર સૌરાષ્ટ્રના મુસાફરો માટે વધુ એક સારા સમાચાર સામે આવી રહ્યા છે. આગામી માર્ચ મહિનાથી રાજકોટથી ઈન્દોર અને ઉદયપુર ખાતે નવી ફ્લાઈટ શરૂ થવા જઇ રહી છે આ માટે ઈન્ડિગો એર લાઈન્સ કંપની દ્વારા ટુક સમયમાં શિડયુલ જાહેર કરે તેવી શક્યતા સેવાઇ રહી છે.

રાજકોટ એરપોર્ટથી હાલ મુંબઈ, દિલ્હી, બેંગ્લોરની સીધી ફ્લાઈટનું ઉડ્ડયન શરૂ છે તેવા સમયે આગામી માર્ચ મહિનાથી ઈન્ડિગો એર લાઈન્સ કંપની દ્વારા રાજકોટથી ઈન્દોર અને ઉદયપુરની ફ્લાઈટ શરૂ કરવા નિર્ણય લીધો છે. છેલ્લા કેટલાક સમયથી ચેમ્બર સહિતના અનેકવિધ વેપારી સંગઠનો દ્વારા વેપાર-ઉદ્યોગનો વ્યાપ વધારવા માટે ઈન્દોર ઉદયપુરની ફ્લાઈટ શરૂ કરવા માંગણી ઉઠાવતા પરીણામ સ્વરૂપ ઈન્ડિગો એર લાઈન્સ કંપનીએ માંગણીનો સ્વીકાર ર્ક્યો છે.

# અમરેલી જિલ્લા પોલીસ દ્રારા પોલીસ હેડ કવાર્ટર ખાતે આયોજિત રમોત્સવનું સમાપન





અમરેલી,
અમરેલી જિલ્લા પોલીસ દ્વારા પુરષ તથા મહિલા પોલીસ કર્મચારીઓની શારિરીક ફિટનેશ જળવાય રહે તે હેતુથી ગત તા.૭ ના રોજ પોલીસ હેડ કવાર્ટર ખાતે રમોત્સવ-૨૦૨૩ ખેલ રમતનું આયોજન કરવામાં આવેલ હતું.

આ રમોત્સવમાં વિવિધ ઈવેન્ટ જેવી કે, ૧૦૦ મીટર દોડ,૪૦૦ મીટર દોડ, લોંગ જમ્પ, હાઇ જમ્પ, ગોળા ફેંક, ક્રિકેટ, ૪૦૦ રીલે દોડ, કબડ્ડી, વોલીબોલ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન,ખો-ખો રમતોનું આયોજન કરવામાં આવેલ હતું. આ રમતોત્સવમાં ૪૦૦થી વધારે પોલીસ અધિકાર તથા કર્મચારીઓએ ભાગ લીધેલ હતો.

આ રમતોત્સવના અંતમાં પોલીસ અધિક્ષક હિંમકર સિંહ દ્વારા વિવિધ ઈવેન્ટમાં ભાગ લેનાર પોલીસ અધિકારી કર્મચારીઓને અભિનંદન પાઠવામાં આવ્યાં અને જીવનમાં રમતના ફાયદા વિશે જાણકારી આપી અને તમામ વિજેતાઓને આગામી સમયમાં ભાવનગર રેન્જ લેવલ પર યોજાનાર રમતોત્સવમાં સારું પ્રદર્શન કરશે તેવી આશા વ્યક્ત કરી હતી.

# આંચકી-છાતીના દુખાવાથી ચાલુ કલાસે જ ધો.૮ની છાત્રાનું મૃત્યુ

## ધો.૫ના છાત્રનું ઉલટીઓ થયા બાદ બેભાન હાલતમાં મોત





તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ, તા.૧૮
શહેરમાં કોઠારીયા સોલવન્ટ પાસે આવેલી સિતારામ સોસાયટીમાં રહેતાં અને ધો.૫ માં અભ્યાસ કરતા પ્રજાપતિ પરિવારના ૧૦ વર્ષના પુત્રનું ઉલ્ટીઓ થયા બાદ તબિયત બગડતાં બેભાન હાલતમાં મોત નિપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા સોલવન્ટ પાસે આવેલી સિતારામ સોસાયટીમાં રહેતાં કિર્તીભાઇ મારડીયાના પુત્ર કૃપાલ મારડીયા (ઉ.વ.૧૦)ને ગઇકાલે રાતે એકાએક ઉલ્ટીઓ થવા માંડતાં બેભાન થઇ ગયો હતો. બાળકને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ બાળકે હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં મૃત્યુ પામનાર કૃપાલ બે ભાઈમાં નાનો હતો અને ધોરણ-૫માં અભ્યાસ કરતો હતો. તેના પિતા કિર્તીભાઈ દરરોજ અલગ અલગ વિસ્તારોમાં ભરાતી બજારમાં છુટક વેપાર કરે છે. લાડકવાયાના અણધાર્યા મૃત્યુથી પરિવાર શોકમાં ગરક થઇ ગયો હતો.

# આજે મનપાનું જનરલ બોર્ડ : ૧૫ નગરસેવકોના ૩૧ પ્રશ્નો, પોતાના વોર્ડના એકપણ નહીં!

## વિપક્ષની નબળી સ્થિતિ વચ્ચે ભાજપના કોર્પોરેટરો પ્રજાકિય પ્રશ્નોની નહીં પણ વહિવટી પ્રશ્નોની ચર્ચા કરશે : ઉનાળાથી લઇ છ માસમાં વરસાદી પાણીના ભરાવાની ફરિયાદોની પણ વિગતો મંગાઇ !

રાજકોટ :

રાજકોટ મહાનગર પાલિકાની જનરલ બોર્ડની બેઠક આવતીકાલ તા. ૧૯ જાન્યુઆરીના રોજ મળશે. આ બેઠકમાં મનપાના કર્મચારીઓને લાભ આપતાં અલગ અલગ ઠરાવો તેમજ આવાસ યોજનાના નામકરણ સહિતની ૧૭ જેટલી દરખાસ્તો રજુ કરવામાં આવી છે. બીજી તરફ ભાજપના ૧૪ કોર્પોરેટરોએ ૨૮ અને કોંગ્રેસના એક કોર્પોરેટરે ત્રણ સહિત ૩૧ પ્રશ્નો બોર્ડમાં પુછાયા છે. વિપક્ષની નબળી સ્થિતિ વચ્ચે ભાજપના કોર્પોરેટરો નગરસેવક તરીકે પોતાની જવાબદારી નિભાવવાને બદલે વહિવટી બાબતોને લગતા સાવ સામાન્ય પ્રશ્નો કરીને બોર્ડ પુરૂં કરશે. જનરલ બોર્ડમાં ભાજપના ૧૪ નગર સેવકોએ ૨૮ અને કોંગ્રેસના એક નગરસેવકે ત્રણ સહિત કુલ ૩૧ પ્રશ્નો પુછયા છે. પણ આમાં એકપણ નગરસેવકે



પોતાના વોર્ડના પ્રશ્નો પુછ્યા નથી. આમાં વોર્ડ નં ૧૪ના કોર્પોરેટર ભારતીબેન મકવાણાએ શહેરમાં મોબાઇલ લાયબ્રેરી કેટલી ? કેટલાં લોકોએ લાભ લીધો ? અને આરોગ્ય શાખાના હરતા ફરતાં દવાખાનામા છેલ્લા છ માસમાં કેટલાં લોકોએ લાભ લીધો ? એ વિશે પુછેલા પ્રશ્ન પ્રથમ ક્રમે છે. કોંગ્રેસમાંથી આમ આદમી પાર્ટીમાં ગયેલા વશરામભાઇ સાગઠિયા અને કોમલબેન ભારાઇને ગેરલાયક ઠરાવાયા હોવાથી હવે તેઓ બોર્ડમાં ભાગ નહીં લઇ શકે. કોંગ્રેસના બે સભ્યોની હાજરી વચ્ચે ભાજપના કોર્પોરેટરો બોર્ડમાં પ્રશ્નોની ઝડી વરસાવશે કે પછી રાબેતા મુજબ એક જ પ્રશ્નમાં બોર્ડ પુરૂં કરશે તે જોવાનું રહે છે.

આવતીકાલે મળનારી જનરલ બોર્ડની બેઠકમાં કર્મચારીઓના હિતને સ્પર્શતા ઠરાવો મુકવામાં આવ્યા છે. આમાં સેનેટરી સબ ઈન્સ્પેક્ટરની જગ્યા માટે ભરતી નિયમોમાં ફેરફાર કરવા, ટેકનિકલ આસિસ્ટન્ટ (ટેક્સ) સંવર્ગની લાયકાત, ભરતીના નિયમોમાં સુધારો કરી વર્ક આસિસ્ટન્ટ (સિવિલ) સંવર્ગમાં સમાવેશ કરવા અને આ હોદ્દાને વર્ક આસિસ્ટન્ટ (સિવિલ) નામાભીધાન કરવા, વર્ક આસિસ્ટન્ટ (ઇલેક્ટ્રિકલ) સંવર્ગની રિક્રુટમેન્ટ નિયમમાં સુધારો કરવા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સફાઇ કામદારોને તેની નોકરી દરમિયાન સફાઇ કામગીરીને કારણે કોઇ રોગનો ભોગ બને કે કાયમી અશક્ત જાહેર થાય તેવા સંજોગોમાં સફાઇ કામદારના કોઇ એક વારસદારને રહેમરાહે નોકરી આપવાના નિયમોમાં સુધારો કરવા, મવડી નગરપંચાયતના બે કર્મચારીઓની મહાપાલિકાની સેવાઓ રૈયા નગરપાલિકાના કર્મચારીઓની માફક તા. ૧-૧૦-૨૦૦૧થી સંવર્ગ ૩માં જુનિયર ક્લાર્ક સંવર્ગમાં નોશનલ અસરથી સળંગ ગણવા તેમજ સરોજીની નાયડું ગર્લ્સ હાઈસ્કૂલના રોજમદાર જુનિયર ક્લાર્ક નિલેશ કાંતિલાલ પંડ્યાને મહાનગરપાલિકાના કાયમી સ્ટાફ સેટઅપમાં જુનિયર ક્લાર્કની જગ્યા પર સમાવેશ કરવાની દરખાસ્તો મુખ્ય છે. આ ઉપરાંત વોર્ડ નં. ૪માં આવેલી જુદી જુદી આવાસ યોજનાના નામકરણ કરવા, લાઈટ હાઉસનું નામકરણ કરવા, આરોગ્ય શાખા હેઠળના અર્બન મેલેરિયા વિભાગનું સેટઅપ રિવાઈઝ્ડ કરવા અને ભરતી બઢતીના નિયમોમાં ફેરફાર કરવા સહિતની અલગ અલગ ૧૭ દરખાસ્તો મુકવામાં આવી છે.

### તમારાં વિસ્તારના કોર્પોરેટરે જનરલ બોર્ડમાં શું પ્રશ્નો કરે છે ?

ભારતીબેન મકવાણા : મહાનગરપાલિકાની મોબાઇલ લાયબ્રેરી કેટલી ? છેલ્લા છ માસમાં કેટલાં શહેરીજનોએ લાભ લીધો?

રવજીભાઇ મકવાણા : રામવનમાં છેલ્લા ત્રણ માસમાં મુલાકાતીઓની સંખ્યા જણાવી ટિકિટની આવક કેટલી ?

ભાનુબેન સોરાણીઃ વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં બાંધકામ, વોટરવર્કસ, ડ્રેનેજ, ગાર્ડન આરોગ્ય તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને લગતાં કેટલાં મુડીકૃત કામો મંજૂર કરાયા છે અને કેટલાં કામ આજ સુધીમા પુર્ણ થયા છે.

હરેનભાઇ ખીમાણીયાઃ મહાનગરપાલિકા હસ્તકના ફાયર સ્ટેશન કેટલાં? કેટલાં નવા બનાવવાનું આયોજન છે ?

મિતલબેન લાઠીયા : પ્રદ્યુમનપાર્ક ખાતે ઝુની છેલ્લા ત્રણ માસમાં કેટલાં લોકોએ મુલાકાત લીધી ? અને ટિકિટની આવક કેટલી થઈ?

કંકુબેન ઉધરેજા : શહેરના ક્યાં ક્યાં રોડ ડીવાઇડર વચ્ચે જાહેરાતના કિયોસ્ક બોર્ડ છે ? શહેરમાં કિયોસ્કબોર્ડની કુલ સંખ્યા કેટલી ?

આશાબેન ઉપાધ્યાય : મનપા હસ્તકના એન્જિ. સ્ટોર, સેન્ટ્રલ સ્ટોર, જગ્યા રોકાણ ગોડાઉન સહિતના સ્ટોરમાં કેટલાં સીસી ટીવી કેમેરા મુકાયા છે ?

રસીલાબેન સાકરીયા : મનપા હસ્તકના ખુલ્લા પ્લોટ ભાડે આપવામાં આવે છે ? છ માસમાં આવક કેટલી ?

મીનાબા જાડેજા : શહેરમાં હાલ ક્યાં ક્યાં સ્થળોએ બ્રીજ બનાવવાની કામગીરી ચાલું છે ? આ કામગીરી ક્યારે પુરી થશે?

બાબુભાઇ ઉંધરેજાઃ મનપાને સરકાર દ્વારા તા.૧-૪-૨૨થી ક્યાં કામ માટે કઇ કઇ પ્રકારની અને કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

મંજૂબેન કુંગશીયાઃ છ માસમાં સ્ટ્રીટ લાઇટ રીપેરીંગ, કચરો ઉપાડવા અને મરેલા ઢોર ઉપાડવાની કેટલી ફરિયાદો મળી ?

ભારતીબેન પરસાણાઃ પ્રોજેક્ટ શાખા દ્વારા છ માસમાં કેટલાં લાભાર્થીઓને કઇ કઇ યોજનાનો લાભ લીધો ?

# રાજકોટના બામણબોર પાસે ટ્રકમાં કોલસાના કોથળા નીચે ચોરખાનામાંથી વિદેશી દારૂ મળ્યો

## દારૂ પંજાબથી ભર્યો હોવાની કબૂલાત : રૂ. ૧૯.૪૧ લાખનો દારૂનો જથ્થો જપ્ત



રાજકોટ,

રાજકોટ શહેરના એરપોર્ટ પોલીસની ટીમે વધુ એક વખત લાખોનો દારૂ ભરેલો ટ્રક ઝડપી લીધો છે. ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યાપરે કોન્સ . યુવરાજસિંહ જાડેજાની બાતમી પરથી બામણબોર ચેકપોસ્ટા પર આરજે૧૯જીબી-૫૧૯૭ નંબરનો ટ્રક આંતરવામાં આવતાં ઠાઠામાં કોલસાના કોથળાઓની પાછળ ચોરખાનામાં છુપાવેલો રૂા. ૧૯,૪૧,૩૦૦નો ૪૬૨૦ બોટલ દારૂ મળતાં રાજસ્થાછની ટ્રકચાલક જેઠારામ હીરારામ જાખડ (જાટ) (ઉ.૨૨-રહે. કલજીકી બેરી સાંચોર જી. જાલોર)ને પકડી કુલ ૨૯,૭૧,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. તેની પુછતાછમાં આ દારૂનો જથ્થોર તેને રાજસ્થાએનના બાડમેરના રામજીકા ગૌડ ખાતે રહેતાં રાવતારામ (સુરેન્દ્રે)ના કહેવાથી તેના મુનીમ (મેતાજી) રૂપારામે પંજાબથી આ દારૂ ભરી દીધો હતો. આ દારૂ રાજકોટ પહોંચ્યાદ બાદ કોને આપવાનો હતો તે રૂપારામ વ્હોથટ્સોએપ કોલીંગથી જણાવવાનો હતો. પરંતુ એ કોલ આવે તેના પહેલા એરપોર્ટ પોલીસે ટ્રક ઝડપી લીધો હતો.પોલીસ કમિશનરશ્રી રાજુ ભાર્ગવ, સંયુક્તા પોલીસ કમિશનરશ્રી સૌરભ તોલંબીયા, ડીસીપીશ્રી સજ્જનસિંહ પરમાર અને એસીપીશ્રી મનોજ શર્માની સુચના મુજબ એરપોર્ટ પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યાીરે બાતમી પરથી ટ્રકને અટકાવાયો હતો. ઠાઠામાં દારૂ હોવાની માહિતી હોઇ તપાસ કરતાં તેમાં કોલસાના કોથળા જોવા મળ્યાટ હતાં. આ જથ્થોમ હટાવીને જોતાં ઠાઠામાં બે બારણા દેખાયા હતાં. તે ખોલતાં અંદરથી અલગ અલગ બ્રાન્ડતનો ૧૯,૪૧,૩૦૦નો દારૂનો જથ્થોહ મળ્યો હતો.ટ્રક ચાલક જેઠારામા જાખડની પુછતાછ કરતાં તેણે કબુલ્યુંમ હતું કે આ દારૂનો જથ્થોત તેને તેના શેઠ રાવતારામ (સુરેન્દ્રા) કુકણા જાટ (રહે. રામજી કા ગૌડ માલાણી રોડ, બાડમેર-રાજસ્થાન)ના કહેવાથી મુનીમ (મેતાજી) રૂપારામે પંજાબથી ભરાવી આપ્યોજ હતો. ટ્રક લઇને પોતાને રાજકોટ તરફ આવવાનું હતું અને અહિ પહોંચીને કોને આપવો તેની જાણ રૂપારામ વ્હોટ્સકએપ કોલથી કરવાનો હતો. પોલીસે ત્રણેય વિરૂધ્ધપ ગુનો નોંધી વિશેષ તપાસ હાથ ધરી છે. એક ટન કોલસો, દારૂ, ટ્રક સહિતનો મુદ્દામાલ કબ્જે કરાયો છે.

પીઆઇ એમ. એ. ઝણકાત, પીએસઆઇ એ. કે. રાઠોડ, એએસઆઇ જે. એલ. બાળા, એએસઆઇ વાય. બી. ચૌહાણ, કોન્સ . કે. એમ. વાઝા, હેડકોન્સએ. ભગીરથસિંહ ડોડીયા, કોન્સએ. ગોપાલસિંહ ઝાલા, કોન્સ . ઉમેશભાઇ ચાવડા, પીસીઆર ઈન્ચા?ર્જ યુવરાજસિંહ જાડેજાએ કામગીરી બજાવી હતી.

# રાજકોટના જાનૈયાઓની બસ ધારી નજીક પુલ ઉપરથી પલટી ગઈ : ૨૫ને ઈજા

## સોલંકી પરિવારના સભ્યો અને મહેમાનો આંબરડી ગામે જતા'તા : તમામને નજીકના આરોગ્ય કેન્દ્ર અને વધુ સારવાર માટે અમરેલી તેમજ રાજકોટ ખસેડવામાં આવ્યા



અમરેલી

અમરેલી જિલ્લાના ધારી નજીક રાજકોટના પરિવારની લગ્નની જાનની બસને અકસ્માત નડતા ૨૫થી વધુ જાનૈયાઓ ઘાયલ થયાની ઘટના સામે આવી છે. આ જાનમાં ત્રણ બસ હતી, જેમાં એક ખાનગી ટ્રાવેલ્સ બસના ડ્રાઇવરે બેલેન્સ ગુમાવી દેતા પલટી ગઇ હતી. જેમાં ૨૫થી વધુ લોકોને ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. આ દુર્ઘટના બનતાની સાથે જ આસપાસના વિસ્તારોનાં લોકો બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા અને બસમાંથી ઈજાગ્રસ્ત જાનૈયાઓને બહાર કાઢીને સારવાર માટે હોસ્પીટલે ખસેડવાની પ્રક્રિયા કરી હતી. સરકારી તંત્ર પણ એમ્બ્યુલન્સનાં કાફલા સાથે દોડી આવ્યું હતું. ઈજાગ્રસ્તોને આંબરડી, ધારી તથા આસપાસના સરકારી આરોગ્ય કેન્દ્રો પર ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, રાજકોટના સોલંકી પરિવારમાં લગ્ન હતા અને જાન આંબરડી જઈ રહી હતી. જાનમાં કુલ ત્રણ બસો હતી તે પૈકી એક બસના ડ્રાઈવરે બેલેન્સ ગુમાવી દેતા પલટી ખાઈ ગઈ હતી. કેટલાંક જાનૈયાઓને ગંભીર ઈજા થતાં ધારી ઉપરાંત અમરેલી રીફર કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજકીય અને સેવાભાવી આગેવાનો પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ ઘટનામાં બે લોકો અતિ ગંભીર હાલતમાં હોવાનું જાણવા મળી રહ્યું છે. આ બનાવમાં સોનલબેન કૌશિકભાઈ (ઉ. વ.૨૫), જગદીશભાઈ સવજીભાઈ ગેડીયા (ઉ. વ.૩૪), ભરતભાઈ મનજીભાઈ ચૌહાણ. (ઉ.વ.૫૦), અવનીબેન લખનભાઈ ચૌહાણ. (ઉ.વ.૨૧), પ્રશાંતભાઈ હિતેષભાઈ ગેડીયા (ઉ.વ.૨૪), ઉજાસ હરેશભાઇ (ઉ.વ.૧૮), વિશ્વા અડેદરા (ઉ.વ.૨૮), કિશોરભાઈ માવજીભાઈ ચોહાણ (ઉ.વ.૪૮), દ્રષ્ટિબેન વિનીતભાઈ (ઉ.વ.૨૫), રવિ સુરેશભાઈ ગેડીયા (ઉ.વ.૩૨), હીનાબેન વિનુભાઈ ચોહાણ (ઉ.વ.૪૦), ભગવાનભાઈ મોહનભાઈ ચોહાણ (ઉ.વ.૬૦), રમેશભાઈ કેશવભાઈ ચોહાણ (ઉ.વ.૬૩), શ્રેયા કિશોરભાઈ ચોહાણ (ઉ.વ.૨૦) ઈજાગ્રસ્ત થયા છે.

# રાજકોટ-ઈન્દોર-ઉદયપુર વચ્ચે આગામી માર્ચથી વિમાની સેવા શરૂ

## ગોવાની પણ વધુ એક ફલાઈટ મળશેઃ ઈન્ડિગો કંપની સેવા વધારશે

રાજકોટ,

રાજકોટમાં સતત વધી રહેલી વિમાની સેવામાં અવિરત વધારો થઈ રહ્યો છે અને આગામી માર્ચથી રાજકોટને ઈન્દોર, ઉદયપુર અને ગોવાને જોડતી ત્રણ નવી ફલાઈટના શેડ્યુઅલ જાહેર થયા છે.

હાલ રાજકોટથી મુંબઈ, દિલ્હી અને ગોવાની વિમાની સેવા મળી રહી છે. તેમાં આગામી માર્ચ-૨૦૨૩થી વધારો થનાર છે અને ઈન્ડિગો દ્વારા રાજકોટને ઈન્દોર, ઉદયપુર તથા ગોવાની જોડતી નવી




ત્રણ ફલાઈટ શરૂ કરવામા આવનાર છે. આ ત્રણ નવી ફલાઈટના જાહેર થયેલ સમય પત્રક મુજબ આગામી તા. ૧ માર્ચ -૨૦૨૩થી ઈન્ડિગોની ફલાઈટ સવારે ૮:૧૫ કલાકે ઈન્દોરથી રાજકોટ આવશે. આજ ફલાઈટ સવારે ૮:૩૫ કલાકે રાજકોટથી ઉદયપુર જશે.

આ સિવાય ઈન્ડિગોની ફલાઈટ સાંજે ૭:૩૫ કલાકે ઉદયપુરથી રાજકોટ આવશે. અને આજ ફલાઈટ સાંજે ૭:૫૫ કલાકે રાજકોટથી ઈન્દોર જવા રવાના થશે.

આમ ઈન્ડિગો દ્વારા ઉદયપુર-રાજકોટ-ઈન્દોર વચ્ચે કનેક્ટીંગ ફલાઈટનો રૂટ જાહેર કરાયો છે.

આ ઉપરાંત આગામી માર્ચ માસતી ઈન્ડિગો દ્વારા ગોવાની પણ એક ફલાઈટ શરૂ કરવાની જાહેરાત કરાઈ છે. જેનું સમયપત્રક ટુંક સમયમાં જાહેર કરવામા આવનાર છે.

# ગોંડલના ગુંદાળા રેલવે ફાટકને આઈસર ચાલકે તોડી પાડ્યુંઃ ટ્રેન થંભી ગઈ

## ફાટક તોડી આઈસર ચાલકની ફરાર : ટ્રેનના ડ્રાઈવરની સમય સુચકતાથી જાનહાની ટળી

ગોંડલ,

ગોંડલ શહેરના ગુંદાળા રોડ પર આવેલ રેલ્વે ફાટક સાથે પુરપાટ ઝડપે ધસી આવેલુ આઈસર ધડાકાભેર અથડાતા ફાટક ને તોડી પાડ્યું હતું. ઘટના બાદ ફાટક મેન આઈસર પાછળ દોડતા આઈસર ચાલક નાસી છૂટ્યો હતો. દરમ્યાન સ્ટેશન તરફથી આવી રહેલી ટ્રેનના ડ્રાઈવરની સમય સુચકતાથી ફાટક નજીક ટ્રેનને રોકી દેવાતા જાનહાની ટળી હતી

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ



થી સોમનાથ જતી ટ્રેન ૦૯૫૧૩ સવારે ૯ વાગ્યે ગોંડલ ગુંદાળા ફાટક પાસે રેલ્વે ટ્રેકપરથી નીકળવાની હતી તે સમયે ફાટક બંધ થતાં આ સમયે આઈસર ચાલક ફૂલ સ્પીડ માં આવી જતા ફાટક ને તોડી પાડ્યું હતું.બનાવ ના પગલે ડ્યુટી પરના ગેઈટ મેન આઈસર ચાલકની પાછળ જતા આઈસર ચાલક ભાગી છૂટ્યો હતો. ગોંડલ રેલ્વે સ્ટેશનથી નીકળેલ ટ્રેનને ફાટક પાસે સિગ્નલના મળતા ટ્રેન રોકી દેવામાં આવી હતી એક્સ્ટ્રા ફાટક બંધ કરીને ટ્રેનને સિગ્નલ મળતા જ ટ્રેન સોમનાથ તરફ રવાના થઈ હતી. સમગ્ર ઘટનાની જાણ રેલ્વે પોલીસને થતા તુરંત સ્થળ પર પોહચી આઈસર ચાલકની શોધખોળ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે એક મહિના પહેલ યુટીલિટી કાર ચાલકે ફાટકને નુકશાન પોહચાડ્યું હતું.

# રાજકોટમાં પોલીસ કમિશનર કચેરીની સામે પડેલી બિન વારસી કારમાંથી દારૂનો જથ્થો મળ્યો

## કાર ટ્રાફિક વોર્ડન હસ્તકની હોવાની ખૂલતાં ધરપકડ : દારૂ આરસી બૂક સહિતની ચીજવસ્તુ મળી

રાજકોટ,

પોલીસ કમિશનર કચેરી નજીકના રોડ પરથી નંબર વગરની કાળા કાચવાળી કાર શંકાસ્પદ જણાતાં પ્ર.નગર પોલીસને જાણ થતાં કારમાં તપાસ કરતાં અંદરથી રૂા. ૩૪ હજારનો ૬૮ બોટલ દારૃ મળતાં તે તથા કાર મળી ૨,૩૪,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કરી અજાણ્યા સામે ગુનો નોંધી તપાસ શરૃ કરી હતી. દરમિયાન ટ્રાફિક વોર્ડન કરણ ભનુભાઇ ભોલરા (ઉ.૨૭-રહે. ગુરૃપ્રસાદ ચોક કૃષ્ણનગર-૧૦, તથા મવડી હેડકવાર્ટર) હસ્તક આ કાર હોવાનું માલુમ પડતાં પોલીસે તેને સકંજામાં લઇ ધરપકડની તજવીજ કરી હતી.

કરણે જણાવ્યું હતું કે કાર પોતાના મિત્રની છે અને પોતે દિવથી આ દારૃ લાવ્યો હતો. પીઆઇ એમ. જી. વસાવા અને સ્ટાફે વિશેષ તપાસ યથાવત રાખી



છે. કરણ વોર્ડન તરીકે ફરજ બજાવે છે. કરણની આ કબુલાતમાં કેટલુ તથ્ય છે? તેની તપાસ થઇ રહી છે. કાર રેઢી મળ્યા બાદ પોલીસ કોન્સ. જયેન્દ્રસિંહ અમરસિંહ પરમારની ફરિયાદને આધારે અજાણ્યા સામે ગુનો નોંધાયો હતો. કારમાંથી દારૃની બોટલો ઉપરાંત વીસના દરની પાંચ ચલણી નોટ, જીજે૨૭એએચ-૭૨૧૬ નંબર પ્લેટ, કાર સર્વિસનું બીલ, વ્હીલ એલાઇમેન્ટની પહોંચ તથા પોલીસીની પહોંચ, આરસી બૂક સહિતની ચીજવસ્તુ મળી હતી.

# રાજકોટમાં ઓનલાઈન લોન લેનાર વેપારી ફસાયાઃ સાયબર પોલીસમાં ફરિયાદ

રાજકોટ,

રાજકોટના બંને વ્યક્તિને લોનની રકમ ભરપાઈ કરી દીધી હોવા છતાં પરેશાન કરાતા સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.જેમાં કાપડના વેપારીએ એક એપ મારફતે રૂા.૩૦ હજારની લોન માટે એક લાખ કરતા રૂા.૧૮૦૦ની લોન મળી હતી. જે લોન ભરવા તેને અલગ-અલગ નંબર પરથી વોટ્સએપ કોલ અને મેસેજ કરી ધમકીઓ અપાઈ હતી.તેમજ તેણે લોન ભરી હોવા છતાં લોન ભરેલી ન હોવાના મેસેજ ચાલુ રાખ્યા હતા.એટલું જ નહીં કોઈએ તેની સાથે કોમ્યુનીકેશન ડિવાઈઝ મારફતે ખોટી વ્યકિતઓ બની ઠગાઈ કરી રૂા.૩ હજાર બળજબરીથી કઢાવી લીધા હતા.આ બંને ઘટના અંગે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે. બનાવની વિગતો અનુસાર,મવડી નજીક જીવરાજ પાર્કમાં ધ કોટયાર્ડ ફલેટ નં.૪૦૪માં રહેતાં અને કાપડની દુકાન ચલાવતાં રજનીકાંતભાઈ અરજણભાઈ સાણજા (ઉ.વ.૪૨)એ અવીનાશ મિશ્રા અને વડીચરલા હરીહરન નામના શખ્સો સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે,તેને પૈસાની જરૂરિયાત હોવાથી પ્લેસ્ટોરમાંથી ટ્રસ્ટેડમની નામની એપ ડાઉનલોડ કરી તેના આધારકાર્ડ, સેલ્ફી ફોટા સહિતની કાગળો માંગતા તેણે તમામ આપી ઓનલાઈન રજીસ્ટર કર્યું હતું.એપની અંદર જતા તેમાં લોન્ મેળવવા માટે અલગ-અલગ ઓપશન આપેલા હતા.જેમાંથી તેણે માય લોન ૩૦,૦૦૦ હોય તેણે તે પસંદ કરતા તેમાંથી તેના બેંક એકાઉન્ટમાં રૂા.૧૮૦૦ જમા થયા હતા ત્યારબાદ તેને તેના વોટ્સએપ નંબર પર ગઈ તા.૨૭/૧૧/૨૨ના કોલ આવેલ અને તેણે જણાવ્યું કે તમને આપેલ લોનના રૂા.૩ હજાર આજેને આજે ભરપાઈ કરવાની છે

જો તમે એ નહીં કરો તો તમારા સગા-સંબંધીને તમે ડિફોલ્ટર છો.તમે લોન ચોર છો એવા મેસેજીસ વાયરલ કરીશું કહી ધમકી આપી હતી.જેની બીકના કારણે રૂા.૩ હજાર જેમાંથી રૂા.૧૨૦૦ કોલ કરનારે મોકલેલ યુ.પી.આઈ. આઈ.ડી.માં ભરેલા હતા.

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

# લેન્ડસ્લાઇડ્સની આપદા

લેન્ડસ્લાઈડ્સના કારણે વિશ્વભરમાં દર વર્ષે ખુબજ નુક્સાન થાય છે અને હજારો લોકોના મૃત્યુમાં થાય છે અબજો ડોલરના નુક્સાનનું કારણ બને છે. ભૂસ્ખલન ક્યાં અને ક્યારે થાય છે તે જાણીને વિજ્ઞાનિકો આ દુર્ઘટના માટે વિશ્વભરમાં તૈયાર કરવામાં મદદ કરી શકે છે, પરંતુ આજની તારીખમાં જ્યારે ભૂસ્ખલન ક્યારે અને ક્યાં થાય છે તેની વૈશ્વિક ચિત્ર નથી. નાસા આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સૌથી મોટી ખુલ્લી વૈશ્વિક ભૂસ્ખલનની સૂચિ બનાવી રહી છે લેન્ડસ્લાઈડ રિપોર્ટર શું છે?

લેન્ડસ્લાઈડ રિપોર્ટર (Landslide Reproter) એ નાસા નાગરિક વિજ્ઞાન પ્રોજેક્ટ છે જે વેબ એપ્લિકેશન પર ભૂસ્ખલન એકત્રિત કરવા માટે ભૂસ્ખલ નિષ્ણાતો અને મનોરંજકારોને પ્રોત્સાહિત કરે છે. ફોઓસ્ટ્રેટિવ ઓપન ઓનલાઈન લેન્ડસ્લાઈડ રિપોઝીટરી (સીઓએએલઆર, COOLR) એ ડેટાને ભૂસ્ખલનની ઘટનાઓની વિશ્વવ્યાપી સૂચિ છે. નાસાના વૈજ્ઞાનિકો ૨૦૦૭ થી જ્યારે, ક્યાં, કેમ અને કેવી રીતે ભૂસ્ખલન થાય છે તે વિશે ઝ્ર્ન્ઈ માટે માહિતી એકત્રિત કરી રહ્યા છે. હવે ૧૩,૦૦૦ થી વધુ ભૂસ્ખલનની ઘટનાઓ છે. પરંતુ અમારી ટીમે જોઈ શકતી નથી અથવા ઑનલાઇન શોધી શકતી નથી તેનાથી ભૂસ્ખલનની ઘટનાઓ ગુમ થઇ રહી છે. સ્થાનિક ફર્સ્ટ- હેન્ડ એકલિસ્ટ્સ, અન્ય ભાષાઓમાંની અહેવાલો અને અન્ય ઈન્વેન્ટરીઝ સહિતના ઘણા જુદા સ્રોતોથી ભૂસ્ખલન ઉમેરવા માટે લેન્ડસ્લાઈડ રિપોર્ટરનો ઉપયોગ કરવા માટે. ઉપરાંત ભૂસ્ખલન એકત્રિત કરવા માટે વધુ લોકો વધુ અપ-ટુ-ડેટ અને વિગતવાર સૂચિ બનાવશે જે ભાગોલિક સ્થાનો પણ વિશ્વને કેવી રીતે આકાર આપી રહ્યું છે તે સ્પષ્ટ અને ખુલ્લી ચિત્ર પ્રદાન કરશે.

જોષીમથ ની જેમજ હિમાલય ક્ષેત્રના ધર્મશાળા માં આવી આપદા ના ભય જનક સંકેત મલ્યા છે.

ઉત્તરખંડના જોશીમઠમાં જે રીતે જમીન ધસી રહી છે તેવો જ ખતરો હવે હિમાચલપ્રદેશમાં ધર્મશાલાના મેકલોડગંજમાં પણ તોળાઇ રહ્યો છે. આ ખતરાનું કારણ નગર નિગમના નિયમોને ફગાવીને લોકો દ્વારા કરવામાં આવી રહેલાં ગેરકાયદે બાંધકામો છે. ત્યાં ગેરકાયદે બાંધકામના કારણે મોટા ભાગની ઈમારતો ઊભા ઢાળ પર લટકી રહી છે અને એકબીજા સાથે જોડાયેલી છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે મેકલોડગંજ ક્ષેત્રમાં સ્થિત ઈમારતો વધુ તીવ્રતાના આંચકાથી પત્તાનાં મહેલની જેમ ધરાશાયી થઇ શકે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ધર્મશાલા ભૂકંપની દ્રષ્ટિથી અતિ સંવેદનશીલ છે. ધર્મશાલાની આસપાસ થ્રસ્ટ છે. એટલે કે અહીં ત્રણ બાજુથી આંચકા આવવાની આશંકા રહે છે. આ સંબંધમાં સેન્ટ્રલ યૂનિવર્સિટીના જિયોલોજી વિભાગના પ્રમુખ પ્રો. અંબરીશકુમાર મહાજને કહ્યું છે કે મેક્લોડગંજમાં ડ્રેનેજ અથવા તો ગટરવ્યવસ્થાને લઈને કોઈ સુવિધા નથી. આ સમસ્યાનો ઉકેલ આવે ત્યાં સુધી પરેશાની રહેશે.પ્રો. મહાજને કહ્યું છે કે ધર્મશાલામાં મેક્લોડગંજ, ભાગસુનાગ જેવી કેટલીક જગ્યા છે, જે લેન્ડસ્લાઈડ ઝોનમાં છે. યોગ્ય ડ્રેનેજ સિસ્ટમ ન હોવાનાં કારણે આ પ્રકારની સ્થિતિ સર્જાઇ છે. જો અહીં ડ્રેનેજ સિસ્ટમ યોગ્ય રહી હોત તો આ પ્રકારની સમસ્યા ઊભી ન થઇ હોત. જ્યારે પણ બહુમાળી ઈમારતોનું નિર્માણ થાય છે ત્યારે જમીન પર વધારે લોડ પડે છે, જેના કારણે જમીન ધસવાની શક્યતા વધી જાય છે. શિમલામાં પણ કેટલાંક સ્થળો લેન્ડસ્લાઈડ ઝોનમાં આવે છે. ત્યાં કેટલીક બહુમાળી ઈમારતો છે, જે ખતરાનાં સંકેત છે. આ ખતરાનું કારણ નગર નિગમના નિયમોને ફગાવીને લોકો દ્વારા કરવામાં આવી રહેલાં ગેરકાયદે બાંધકામો છે. ત્યાં ગેરકાયદે બાંધકામના કારણે મોટા ભાગની ઈમારતો ઊભા ઢાળ પર લટકી રહી છે અને એકબીજા સાથે જોડાયેલી છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે મેકલોડગંજ ક્ષેત્રમાં સ્થિત ઈમારતો વધુ તીવ્રતાના આંચકાથી પત્તાનાં મહેલની જેમ ધરાશાયી થઇ શકે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ધર્મશાલા ભૂકંપની દ્રષ્ટિથી અતિ સંવેદનશીલ છે. ધર્મશાલાની આસપાસ થ્રસ્ટ છે. એટલે કે અહીં ત્રણ બાજુથી આંચકા આવવાની આશંકા રહે છે. શિમલામાં પણ આવનાર સમયમાં જોશીમઠ જેવી સ્થિતિ થઇ શકે છે.

# મનનું પોલ્યુશન



## અન્વેષણ
- C.A. પરેશ ભટ્ટ

પોલ્યુશન આજે અત્ર,તત્ર,સર્વત્ર છે. મનથી શરુ કરી તન સુધી અને ઘરથી શરુ કરી વિશ્વ સુધી.વિશ્વ સુધી પહોચેલા પોલ્યુશનનું મૂળ આપણા મનના મૂળ સુધી જતું હોય છે.ફ્રોઈડે મનનું ખુબ ખેડાણ કર્યું છે. ગુજરાતીમાં પુષ્કરભાઈ ગોકાણી જેવી વ્યક્તિએ પણ ખુબ જ ઊંડાણ માપેલ છે.આપણને પ્રદુષણ એટલે હવા,પાણી, ખોરાક અને ગંદકી પુરતું જ સીમિત લાગે છે.આ બધા જ પ્રદુષણનું મૂળ તો મનના મૂળમાં છે.પિંડે તે બ્રહ્માંડે, જે પીડમાં છે એ બધું જ બ્રહ્માંડમાં છે. એજ રીતે માનવ મનની પ્રતિકૃતિ કે પ્રતિબિંબ એટલે જ વિશ્વ.

પોલ્યુશન જે હવા, પાણી , ખોરાક કે પર્યાવરણ પુરતું સીમિત નથી. એ તો છે જ પરંતુ તેનાથી પણ આગળ જે પ્રદુષણ ફેલાયેલુ છે એ પ્રછન્ન છે.પહેલાના સમયમાં કોઈ પણ ખોટું કામ કરવાના સરકારી અધિકારી પૈસા લેતા – લાંચ લેતા હવે સમય બદલાઈ ગયો છે , હવે તેઓ ખોટું તો બને ત્યાં સુધી કરતા નથી પરંતુ તમે આપેલ વિગતો સાચી છે તેને સાચી માનવના પૈસા લે છે, લાંચ લે છે. તમે આપેલ વિગત માંથી દૂધમાંથી પુરા ન કાઢે એટલા માટે તમારે લાંચ આપવાની છે આ પણ પ્રદુષણ જ છે. ડોક્ટર ઓપરેશનની જરૂર જ ન હોય અને ઓપરેશન કરે કે રીપોર્ટની જરૂર જ ન હોય અને રીપોર્ટ કરે કે બિન જરૂરી દવાઓ લખી આપે તો આ પણ પ્રદુષણ જ છે. સી.એ તેના ક્લાયન્ટને કોઈ નોટીસ કે ચાલી રહેલા કેસ અંગે બિન જરૂરી રીતે ડરાવે કે બીક દેખાડે અને પોતાનો સ્વાર્થ સાધેતો આ પણ પોલ્યુશન જ છે. પોલીસ અધિકારી જુદી જુદી કલમોનો ડર દેખાડીને કે સજાનો ડર દેખાડીને સ્વાર્થ સાધે તો આ પણ પ્રદુષણ જ છે, વકીલ તેના કાયદાના જ્ઞાનનો ઉપયોગ ક્લાયન્ટને ડરાવવા કે તેને વધુ સજા કે નુકશાન થશે આવી બીક કે ડર દેખાડી પોતાનો સ્વાર્થ સાધેતો આ પણ પ્રદુષણ જ છે ને ! આ બધાજ માનસિક પ્રદુષણો છે તે પ્રછન્ન છે. પર્યાવરણનું પ્રદુષણતો દુર કરવા માનવ સક્ષમ છે પરંતુ આ પ્રદુષણ આપણે દુર કરી શકીએ એમ જ નથી ! કારણ આ પ્રદુષણ આપણને દુષણ કે પ્રદુષણ લાગતું જ નથી.

આપણને કોઈ વાત અગવડ લાગેતો દુર કરવાનો પ્રયત્ન કરીએ પરંતુ આ અગવડ લાગતી જ નથી. ઊલટાની આ તો આપણને સગવડ લાગે છે અને તે જીવનમાં ન હોય તો અગવડ ઉભી થશે એવું લાગે છે. પરિણામે આપણે તેને દુર કરવાનું વિચારતા પણ નથી. આપણો માહ્યલો ચોક્કસ આ સમજે છે. આ રીતે આવેલો પૈસો ગેરમાર્ગે જતો હોય છે , કુટુંબમાં કલેશ ઉભો કરતો હોય છે, સંતતિ એવી થાય કે આ સંચિત ધન વિનાશ નોતરે છે. જે રીતે સરકારી અધિકારી કે પ્રોફેશનલ કે વેપારી આ પ્રદુષણથી ઘેરાયેલા છે એ જ રીતે આ કહેવાતા ધાર્મિક નેતાઓ પણ આ જ પ્રદુષણનો એક હિસ્સો બની જતા હોય છે. કાયદાનો ડર, કે રોગનો ડર , કે પછી ટેક્સ અને દંડનો ડર હોય છે એ જ રીતે સ્વર્ગ અને નર્કનો ડર બતાવી , કર્મના ફળને સામે ધરીને કાલ્પનિક ભય ઉભો કરનાર પણ એક ધાર્મિક અને આધ્યાત્મિક પ્રદુષણ જ ફેલાવે છે. અલબત સારા, સાચા અને અધ્યાત્મનો રસ્તો દેખાડનાર સંત હદયના સંત અપવાદરૂપ હોય છે તેમ જ વેપારી, અધિકારી, પોલીસ,ડોકટર પણ અપવાદરૂપ હોય છે. આજ રીતે પ્રદુષિત થયેલા લોકો પોતાને ચોખ્ખા કરવા માટે ધાર્મિક હોવાનો ડોળ, મંદિરમાં દાન , ગરીબોને દાન,જરૂરીયાત મંદ લોકોને મદદ કરીને પોતાના આ પ્રદુષણને – પોલ્યુશનને દુર કરવાનો કે તેનાથી ચોખ્ખા થવાનો પ્રયત્ન કરે છે. આત્મસમાધાન મેળવે છે કે આપણે કરેલા પાપો હવે સાફ થઈ ગયા કે ઢંકાઈ ગયા.તેમની બધી ખામીઓને હવે ખુબીઓમાં કન્વર્ટ કરી નાખી આવી આગવી માનસિકતામાં આ લોકો રાચવા લાગે છે. અલબત સમાજ પણ આવી વ્યક્તિઓને માન સમ્માન આપવા લાગે છે. પરિણામે આવા પ્રદુષિત કરતા રહેલા લોકોને પ્રોત્સાહન મળે છે. આવી વ્યક્તિઓ ધાર્મિકતા અને સમાજ સેવાના અંચળા ઓઢી લે છે અને એમ માને છે કે આપણું પોલ્યુશન છુપાઈ ગયું ઢંકાઈ ગયું. સમાજ માં ફેલાઈ રહેલા આ પ્રદુષણ માટે આપણે સૌ એ આત્મ ચિંતન કરવા જેવું છે કે આ માનસિક પ્રદુષણ કે પોલ્યુશન કેમ દુર કરશું ?

# ગ્વાટેમાલાના વરસાદી જંગલોમાં ૨૦૦૦ વર્ષ જૂના નગરોની શોધ

## કરંટ ટોપિક

## પુરાતત્વવિદોએ લગભગ ૧૦૦૦ પ્રાચીન માયા સંસ્કૃતિ વસાહતોના મહત્વપૂર્ણ અવશેષો શોધી કાઢ્યા

લેટિન અમેરિકન દેશ ગ્વાટેમાલામાં માયા સભ્યતા સાથે જોડાયેલ એક મોટું રહસ્ય સામે આવ્યું છે. અત્યાર સુધી એવું માનવામાં આવતુ હતું કે માયા સંસ્કૃતિના લોકો દૂર દૂર રહેતા હતા હવે ગ્વાટેમાલાના વરસાદી જંગલોમાં ૨૦૦૦ વર્ષ જૂના શહેરો, નગરો અને ગામડાઓની મોટી શોધ કરવામાં આવી છે. આ દર્શાવે છે કે માયા સંસ્કૃતિના લોકો ખૂબ જ ગીચ વસ્તી અને સંગઠિત સમાજમાં રહેતા હતા.

વ્યાપક સંશોધન પછી પણ વિશ્વની સૌથી રહસ્યમય સંસ્કૃતિઓમાંની એક માયા સંસ્કૃતિનો અંત કેવી રીતે આવ્યો તેનું રહસ્ય હજુ સુધી બહાર આવ્યું નથી. હવે પુરાતત્વવિદોએ લગભગ ૧૦૦૦ પ્રાચીન માયા સંસ્કૃતિ વસાહતોના મહત્વપૂર્ણ અવશેષો શોધી કાઢ્યા છે. આ વસાહતોના અવશેષો વરસાદી જંગલોની નીચે છુપાયેલા હતા. સંશોધકોને ૬૫૦ ચોરસ માઈલ વિસ્તારમાં ૯૬૪ પુરાતત્વીય સ્થળો મળ્યા છે. આ વસાહતો મિરાડોર-કલાકમુલ ક્રેસ્ટ નદી ખીણ વિસ્તારમાં મળી આવી છે. આ આખો વિસ્તાર મેક્સિકોને અડીને આવેલો છે. આમાંથી ઓછામાં ઓછી ૪૧૭ સાઈટ્સ ૨૦૦૦ વર્ષ જૂની છે જ્યારે માયા સભ્યતા તેની ટોચ પર હતી. જેમાં શહેરો, ગામો અને નગરોની ઓળખ કરવામાં આવી છે.

આ પ્રાચીન વસ્તુઓને શોધવા માટે વૈજ્ઞાનિકોએ ખાસ ટેકનિક લિડારનો ઉપયોગ કર્યો હતો. આમાં લેસર કિરણોની મદદથી માપન કરવામાં આવે છે. સર્વેક્ષણમાં સંખ્યાબંધ અસામાન્ય માર્ગો પણ મળ્યા જે ૧૦૦ માઈલમાં ફેલાયેલા હતા અને વિવિધ વસાહતો સાથે જોડાયેલા હતા. આ વસાહતોમાં સ્મારકો, પાણીના સંગ્રહની સગવડો, ઉજવણી માટેની ઈમારતો, પિરામિડ, રહેવા માટેનું માળખું, નહેરો વગેરે બધું મળી આવ્યું છે. એટલું જ નહીં, સંશોધકોએ ઓછામાં ઓછા ૩૦ રમતગમતના મેદાન પણ શોધી કાઢ્યા છે. આ દર્શાવે છે કે માયા સભ્યતાના લોકો પણ અમુક પ્રકારની રમત રમતા હતા. અગાઉના સંશોધનમાં જાણવા મળ્યું હતું કે માયા સંસ્કૃતિના લોકો દૂર દૂર રહેતા હતા, પરંતુ આ તાજેતરના ઘટસ્ફોટથી માયા સંસ્કૃતિ વિશેની જૂની માન્યતાઓ બદલાઈ ગઈ છે. આ સંશોધન ઈડાહો સ્ટેટ યુનિવર્સિટીના પુરાતત્વવિદ્ રિચર્ડ ડી. હેન્સનની આગેવાની હેઠળ પુરાતત્વવિદો દ્વારા કરવામાં આવ્યું છે, જે પ્રાચીન મેસોઅમેરિકા જર્નલમાં પ્રકાશિત થયું છે. સંશોધન ટીમે કહ્યું કે તેમને અસાધારણ આર્થિક, રાજકીય અને સામાજિક શક્તિના પુરાવા મળ્યા છે. આ વસાહતોની સ્થાપના માટે હજારો મજૂરો અને નિષ્ણાતોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે સૂચવે છે કે તેમને નિયંત્રિત કરવા માટે એક રાજકીય બળ હતું.

શરૂઆતમાં, એવું માનવામાં આવતું હતું કે માયા નાના જૂથોમાં ઉષ્ણકટિબંધીય નીચાણવાળા વિસ્તારોમાં રહેતા હતા, કાપણી અને કૃષિ ક્ષેત્રમાં રોકાયેલા હતા. માટીના ઝડપથી ઘટાડા સાથે તેઓને તેમને જગ્યાઓ વારંવાર બદલવાની ફરજ પડતી હતી. માયા સંસ્કૃતિ શાંતિપૂર્ણ હતી અને ખગોળશાસ્ત્રમાં વિશેષ રુચિ લેતી હતી, અને પિરામિડ અને પથ્થરની રચનાવાળા તેમના શહેરોમાં પૂજા વિધિ કેન્દ્રો પણ, જ્યાં લોકો અસામાન્ય આકાશી ઘટનાઓ જોવા માટે ભેગા થતા હતા. આધુનિક અંદાજ મુજબ, પ્રાચીન માયા લોકો ૩૦ લાખ કરતા વધારે લોકોની સંખ્યામાં હતા. દૂરના ભૂતકાળમાં, તેમનો દેશ સૌથી વધુ ગીચ વસ્તી ધરાવતો ઉષ્ણકટિબંધીય ક્ષેત્ર હતો. માયા ઘણી સદીઓથી જમીનની ફળદ્રુપતાને જાળવી રાખવામાં અને ખેતી માટે ઓછા ઉપયોગની જમીનને વાવેતરમાં ફેરવવામાં સક્ષમ હતી. જ્યાં તેઓ મકાઈ, કઠોળ, કોળા, કપાસ, કોકો અને વિવિધ ઉષ્ણકટિબંધીય ફળો ઉગાડતા હતા. માયા લેખન એક લિપિ અને સિન્થેટીક સિસ્ટમ પર આધારિત હતું. પ્રાચીન હાયરોગ્લાયફિક શિલાલેખોના સમજણથી માયાની શાંતિ વિશેના અગાઉના વિચારોને નકારી કાઢવામાં આવ્યા: આમાંના ઘણાં શિલાલેખો શહેર-રાજ્યો વચ્ચેના યુદ્ધો અને દેવતાઓને બલિદાન આપનારાઓ વિશે જણાવે છે. તેમના ખગોળશાસ્ત્રીઓએ ખૂબ જ સચોટ રીતે સૂર્ય, ચંદ્ર, શુક્ર અને કેટલાક નક્ષત્રો ખાસ કરીને, આકાશગંગાના ગતિના ચક્રોની ગણતરી કરી છે. માયા સંસ્કૃતિ, તેની લાક્ષણિકતાઓમાં, મેક્સીકન હાઈલેન્ડઝની નજીકની પ્રાચીન સંસ્કૃતિઓ, તેમજ દૂરના મેસોપોટેમીઅન, પ્રાચીન ગ્રીક અને પ્રાચીન ચિની સંસ્કૃતિઓ સાથે સમાનતા દર્શાવે છે.

આ સંસ્કૃતિનો સમય ગાળો પૂર્વ-શાસ્ત્રીય યુગના ૨૦૦૦-૧૫૦૦ બીસી અને પ્રારંભિક રચનાત્મક સમયગાળા ૧૫૦૦-૧૦૦૦ બીસીનો હોવાનું કહેવાય છે. તેમના ભટકતા આદિવાસીઓ ગ્વાટેમાલાના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા હતા, જંગલી ખાદ્ય મૂળ અને ફળોને ખવડાવતા હતા. તેમની સંસ્કૃતિનો નાશ થતી વખતે તેમણે ફક્ત દુર્લભ પથ્થરોનાં સાધનો અને થોડી વસાહતો છોડી હતી, તેના અવશેષો અને નાની કૃષિ વસાહતો જંગલમાં અને નદીઓના કાંઠે અને બેલીઝની ઉત્તરમાં દેખાયા છે. પુરાતત્વીય પુરાવા સૂચવે છે કે આ યુગ દરમિયાન, માયામાં ગુંચવાઈ રહેલ સ્થાપત્ય, વર્ગોમાં વિભાજન અને કેન્દ્રિય શક્તિ નહોતી. જો કે, પૂર્વ-શાસ્ત્રીય યુગના અંતમાં રચનાત્મક સમયગાળામાં ૪૦૦ બીસી – ૨૫૦ એડી દરમિયાન, માયાના જીવનમાં ગંભીર ફેરફારો થયા. આ સમયમાં, સ્મારક બાંધકામો બનાવવામાં આવ્યા હતા, જેમાં સ્ટાયલોબોટ્સ, પિરામિડ, બોલ કોર્ટ જેવા બાંધકામોમાં શહેરોમાં ઝડપી વૃદ્ધિ જોવા મળી હતી. મેક્સિકોના યુકાટન પેનિનસુલાની ઉત્તરે કાલકમૂલ અને સિબિલચાલ્ટન, ગ્વાટેમાલાના પેટાના, સેરોસ, ક્યુએલો, લમાને અને ચૂલ્યુઆપુઆના જંગલોમાં પ્રભાવશાળી સ્થાપત્ય સંકુલ જોવા મળ્યા છે. સાલ્વાડોરના ઉત્તરી બેલિઝમાં કાશોબ જેવી વસાહતો ઝડપથી વિસ્તરી હતી. અંતમાં રચનાત્મક સમયગાળાના અંતે, દૂર વસાહતો વચ્ચે વિનિમય વેપાર વિકસિત થયો. ઉત્પાદનો, દરિયાઈ શેલો અને ક્વેત્ઝલ બર્ડ પીછાઓનું વેચાણ થતું. તે સમયમાં, તીક્ષ્ણ ચળકાટવાળા સાધનો અને સૌથી વિચિત્ર આકારના પથ્થરના ઉત્પાદનોનો ઉપયોગ થતો. તો ઈમારતોને પવિત્ર બનાવવાની, છુપાવાની જગ્યાઓની ગોઠવણ કરવાની પ્રથા પણ હતી.

માયા સમાજ હરીફ શહેર-રાજ્યોની પ્રણાલીમાં વિકસ્યો, દરેક પાસે તેના પોતાના રાજવી વંશ હતા. આ રાજકીય રચનાઓથી સરકારની વ્યવસ્થા અને સંસ્કૃતિમાં ભાષા, લેખન, ખગોળશાસ્ત્ર, કેલેન્ડર, વગેરેમાં સમાનતા પ્રગટ થઈ. શહેર-રાજ્યોની સંપત્તિ સરેરાશ ૨૦૦૦ ચોરસ મીટર સુધી વિસ્તૃત છે. પ્રત્યેક રાજ્યની રચનાના રાજકીય અને સાંસ્કૃતિક કેન્દ્રો આનંદી શહેરો હતા, જેની આર્કિટેક્ચર મય આર્કિટેક્ચરની સામાન્ય શૈલીની સ્થાનિક અથવા પ્રાદેશિક વિવિધતા હતી. ઈમારતો વિશાળ લંબચોરસ, મધ્ય ચોરસની આસપાસ સ્થિત હતી. તેમના રવેશ સામાન્ય રીતે મુખ્ય દેવતાઓ અને પૌરાણિક પાત્રોના માસ્કથી શણગારેલા હતા, પત્થરમાંથી કોતરવામાં આવ્યા હતા અથવા સાગોળ રાહતની તકનીકનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યાં હતાં. ઈમારતોની અંદર લાંબા સાંકડા ઓરડાઓની દિવાલો ઘણીવાર ફ્રેસ્કોથી દોરવામાં આવતી હતી.. જેમાં ધાર્મિક વિધિઓ, રજાઓ અને લશ્કરી દ્રશ્યો દર્શાવવામાં આવ્યા હતા. શાસ્ત્રીય યુગના મય શહેરોની મધ્યમાં, ૧૫ મીટર ઊંચા પિરામિડ હતા. આ રચનાઓ ઘણીવાર આદરણીય લોકોની કબરો તરીકે ઓળખાય છે, તેથી રાજાઓ અને યાજકોએ અહીં પૂર્વધારણાઓની આત્માઓ સાથે જાદુઈ જોડાણ સ્થાપિત કરવાના ધાર્મિક વિધિઓ કરી.

# વૃક્ષોના રક્ષણ માટે અમૃતાદેવીની શહાદત કથા

## આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

વૃક્ષોના રક્ષણ માટે શહાદત ની કથા ઈતિહાસમાં અનોખી ભાત પાડે છે.

સૃષ્ટિની સમગ્ર પ્રકૃતિ તાલબદ્ધ ચાલી રહી છે , સૃષ્ટિના તમામ પદાર્થો માનવી માટે જ સર્જાયા છે , તેવા ખોટા ખ્યાલને કારણે ઉપભોક્ત સંસ્કૃતિના ઉદયે , માનવીની જરૂરિયાતો વધારી , વૈજ્ઞાનિક શોધોનો વિવેકહીન ઉપયોગ , અસંયમ અને કુદરતી સાધનોના શોષણ દ્વારા માનવીએ પ્રકૃતિ પર આક્રમણ કર્યું . અહિંસામાં માનનારા ભારતીય દર્શનોએ માત્ર ઉપયોગની સંસ્કૃતિની પ્રરૂપણ કરી . જલ , વાયુ , માટી , અગ્નિ અને વનસ્પતિ પ્રકૃતિના દરેક ઘટકોમાં જીવ છે અને તેને જીવવાનો અધિકાર છે . વૃક્ષો , પર્યાવરણની રક્ષા માટે અને પ્રાણવાયુ માટે જરૂરી છે . જેથી સંતો અને વૃક્ષપ્રેમીઓ વૃક્ષમંદિરો અને સ્મૃતિવન રચવાની પ્રેરણા કરે છે . બિશ્નોઈ ધર્મગુરુ શ્રી જાંબેશ્વરજી મહારાજ તો કહેતા કે , ' સર સાંઠે રૂખ બચે તો ભી સસ્તો જાન . ' જીવ સામે પણ જો વૃક્ષની રક્ષા થતી હોય તો કરવી . ' ગુરુજીના આ ઉપદેશને ચરિતાર્થ કરતી ઘટના રાજસ્થાનના જોધપુર જિલ્લામાં બની ગઈ . વિક્રમ સંવત ૧૭૮૭ , ઈ.સ. ૧૭૩૦ , ખેડજડલી ગામમાં જોધપુર નરેશના આદેશથી ખીજડા ( ખેજડી ) નાં વૃક્ષો કાપવા કઠિયારાઓ આવ્યા . શ્રીમતી અમૃતાદેવીના નેતૃત્વમાં તેનો સખત વિરોધ કરવામાં આવ્યો . કઠિયારાઓ – વૃક્ષહત્યારાઓની કુહાડીથી વૃક્ષને બચાવવા અમૃતાદેવી ખેજડીના વૃક્ષને બન્ને ભૂજાઓ પહોળી કરી વીંટળાઈ વળી અને તેણે પોતાની ડોક પર કુહાડીનો પ્રહાર ઝીલી લીધો . લોહીથી લથબથ બની અને વૃક્ષની રક્ષા કરવા શહીદ થઈ ગઈ . શ્રીમતી અમૃતાદેવીની પુત્રીઓ , પડોશી આસીબાઈ , રત્નીબાઈ , ઈમરતીબાઈ , સીમાબાઈ , ભાગુબાઈ સહિત એકએક વીરાંગનાએ શહાદત વહોરી . શ્રીમતિ અમૃતાદેવીના પતિ રામોજી સહિત ઘણા લોકો શહીદ થયા . એક વ્યકિતની ગરદન પર કુહાડો પડતાં ધડથી મસ્તક અલગ થતું તો બીજી વ્યકિત નીડરતાથી શહાદતને આમંત્રણ આપતી . આમ ૩૬૩ લોકો શહીદ બન્યા . લોહીની નદી વહી . રાજાના કઠિયારા હરકારોના હાથ રકતરંજિત બની કાંપી ઉઠયા . હથિયારવિહીન ' નિહત્યા ' લોકોનો વૃક્ષપ્રેમ જોઈ તેમના આવા અપ્રતિમ અને ભવ્ય બલિદાન જોઈ રાજા પાસે જઈ ઘટનાની વાત કહી . લોકોનો અહિંસા – પર્યાવરણ અને વૃક્ષો પ્રત્યેનો પ્રેમ જોઈ નરેશે બિશ્નોઈ ગામોમાં વૃક્ષો કાપવા પર અને શિકાર કરવા પર પ્રતિબંધ જાહેર કર્યો . શ્રીમતી અમૃતાદેવીના નેતૃત્વમાં વૃક્ષની રક્ષા માટે સ્ત્રીઓ દ્વારા લેવાયેલાં આ બલિદાન પર્યાવરણ અને વૃક્ષપ્રેમી માટે એક અનેરા ઉદાહરણરૂપ છે . રાજ્ય સરકાર શ્રીમતી અમૃતાદેવીની સ્મૃતિમાં દર વર્ષે પર્યાવરણ પુરસ્કાર આપે છે , એટલું જ નહીં , પરંતુ ખેજડીને રાજયવૃક્ષ ઘોષિત કર્યું છે . સંવત ૧૭૮૭ ની ભાદરવા સુદ દશમના બનેલી આ ઘટનાની સ્મૃતિને જીવંત રાખવા અને વૃક્ષપ્રેમીઓની શહાદતને શ્રદ્ધાંજલિ આપવા આ સ્થળે એક મેળો ભરાય છે , જેની સામે એક મેદાન છે . દુ:ખની વાત એ છે કે ત્યાં વૃક્ષો બહુ જ ઓછાં છે . જે વૃક્ષો છે તેની સંભાળ પણ ઓછી લેવાય છે . શહીદોના નામની કોઈ ખાંભી પણ નથી . એ સ્થળ પર ૩૬૩ ખેજડી વૃક્ષ ઉગાડી વૃક્ષમંદિર બનાવવું જોઈએ અને તમામ શહીદોનાં નામની તકતી મૂકી સ્થળને રાષ્ટ્રીય સ્મારક બનાવવું જોઈએ જેથી પર્યાવરણ અને વૃક્ષપ્રેમીઓ માટે તે સ્થળ તીર્થ બની શકે અને તે દિવસ વૃક્ષારોપણનો પાવન દિવસ બની શકે .



**સમગ્ર પ્રકૃતિ આનન્દ સભર છે. તેમાંય વૃક્ષો એની સજીવતાને કારણે જગત માટે વરદાન રૂપ છે. એને કપાતા અટકાવવા જેને પોતાની જાતનું બલિદાન આપ્યું છે તેની કથા કોઈ જાણતું નથી’**

### અંબાણી તેના નાના દીકરાની વહૂને આવકારવા તૈયાર

# અંબાણી પરિવારના ઘરે શરૂ થઈ લગ્નની તૈયારીઓ

**અનંત અંબાણીની સગાઈ ગુજરાતી બિઝનેસમેન વિરેન મર્ચન્ટની દીકરી રાધિકા મર્ચન્ટની સાથે કરી છે**



મુંબઈ,

જ્યારથી મુકેશ અંબાણી અને તેમની પત્ની નીતા અંબાણીએ તેમના નાના દીકરા અનંત અંબાણીની સગાઈ ગુજરાતી બિઝનેસમેન વિરેન મર્ચન્ટની દીકરી રાધિકા મર્ચન્ટની સાથે કરી છે ત્યારથી દરેક વ્યક્તિ આ કપલના લગ્નના સમાચારને લઈને ઉત્સાહિત જોવા મળે છે.ઈશા અંબાણી અને આકાશ અંબાણીના ગ્રાન્ડ વેડિંગ બાદ અનંત અંબાણીના લગ્ન કેવી રીતે અને કેટલી ધામધૂમથી થશે તેની ઈન્તેજારી લગભગ દરેક વ્યક્તિને છે. હાલમાં આ કપલની જે તસવીરો વાયરલ થઈ રહી છે તે જોતા લાગી રહ્યું છે કે, અંબાણી પરિવારે બંનેના લગ્નની તૈયારીઓ શરૂ કરી દીધી છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આગામી ૧૯ જાન્યુઆરીના રોજ રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણી ઓફિશિયલ એન્ગેજમેન્ટ કરશે, આ મોટાં સેલિબ્રેશન પહેલાં અંબાણી પરિવાર પ્રી-એન્ગેજમેન્ટ પાર્ટીની તૈયારીઓમાં લાગી ગયો છે. જેની સાથે જોડાયેલી એક તસવીર હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહી છે.સગાઈ પહેલાં દુલ્હન રાધિકા મર્ચન્ટ બંને હાથમાં મહેંદી લગાવતી જોવા મળી, આ પ્રસંગે ઓવર ધ ટોપ આઉટફિટ્સ પસંદ કરવાના બદલે તેણે પોતાના માટે એલિગન્ટ ક્લોથ્સ પસંદ કર્યા હતા.

# ચાલતી ટ્રેનમાં કિન્નરોએ મહિલાની ડિલીવરી કરાવી બાળકને આશીર્વાદ આપી હાથમાં રૂપિયા પણ આપ્યા

જમુઈ,

કિન્નરો દ્વારા ટ્રેનમાં મહિલાનું ડિલીવરી કરાવાની ઘટના સામે આવી છે. આ ઘટના જસીડીહથી ટ્રેન ઉપડ્યા બાદ ઝાઝા સ્ટેશન પહોંચવાની વચ્ચે થઈ હતી. કહેવાય છે કે, ટ્રેનમાં પૈસા માગનારા કિન્નર જો તે ડબ્બામાં ન આવ્યા હોત, જેમા મહિવા સવાર થઈને મુસાફરી કરી રહી હતી અને પ્રસવ પીડાથી પરેશાન હતી, તો તેની મુશ્કેલીઓ વધી જાત. પણ કિન્નરો પહોંચ્યા બાદ લેબર પેનથી પરેશાન મહિલા અને તેના પતિને મદદ મળી ગઈ અને કિન્નરોએ માનવતાની મિસાલ રજૂ કરતા મહિલાની સેફ ડિલીવરી કરાવી હતી. હકીકતમાં જોઈએ તો, હાવડા પટના શતાબ્દી એક્સપ્રેસના એક ડબ્બામાં ગર્ભવતી મહિલા પોતાના પતિ સાથે મુસાફરી કરી રહી હતી. જેવી આ ટ્રેન જસીડીહ સ્ટેશન પહોંચી, તો મહિલાની પ્રસવ પીડા વધી ગઈ હતી. મહિલા લેબર પેનથી પરેશાન થઈ રહી હતી. પ્રસવ પીડીથી પરેશાન મહિલાની મદદ માટે ઘણી વાર સુધી કોઈ આગળ આવ્યું નહીં. જ્યારે તે ડબ્બામાં કોઈ મહિલા મુસાફર નહોતું. ત્યારે ટ્રેન સિમુલતલા પહોંચતા કિન્નરોને એક ટોળી તે ડબ્બામાં આવી અને તેમણે આ મહિલાની ડિલીવરી કરાવી હતી. પૈસા માગવા માટે ડબ્બામાં પહોંચેલા કિન્નરોને જ્યારે ખબર પડી કે, મહિલા પ્રસવ પીડાથી પરેશાન છે, તો તેમણે સમય વેડફ્યા વિના મહિલાને ટ્રેનના ડબ્બામાં વોશરુમમાં લઈ ગયા અને ત્યાં ડિલીવરી કરાવી. પ્રસવ બાદ મહિલા અને તેનું બાળક બંને સ્વસ્થ્ય છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, ટ્રેનમાં સવાર જે મહિલાની પ્રસવ કરવાનો નિર્ણય કર્યો તે, શેખપુરાની રહેવાસી છે અને તે પોતાના પતિ સાથે હાવડાથી લખીસરાય જઈ રહી હતી. પ્રસવ કર્યા બાદ તમામ કિન્નર ઝાઝા સ્ટેશન પર ઉતરવા લાગ્યા હતા. આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. તેમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, કિન્નરોએ પ્રસવ બાદ ગરીબ દંપતીને રૂપિયા આપીને મદદ પણ કરી, જેનો વીડિયો સામે આવ્યો છે. તેમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, પ્રસવ કરનારી કિન્નર ટ્રેનની બોગીમાં બેઠેલા મુસાફરો ખાસ કરીને મહિલાઓને સંભળાવી રહી હતી કે, એક મહિલા કેવી રીતે દર્દથી પીડાતી હતી અને કોઈ તેની મદદ માટે આગળ ન આવ્યું. વીડિયોમાં તમામ કિન્નરો બાળકને આશીર્વાદ પણ આપી રહ્યા હતા




# વિશ્વમાં મંદીની બુમરાણ વચ્ચે મોદી સરકારની આવકમાં ધરખમ વધારો

નવીદિલ્હી,

તમારી આવક વધે કે ના વધે પણ મોદી સરકારની આવકમાં ધરખમ વધારો થયો છે. કેન્દ્ર સરકારે ૧૦ જાન્યુઆરી સુધીના જારી કરેલા આંકડા ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૨૪.૫૮ ટકા વધીને રૂ. ૧૫ લાખ કરોડ કરોડ રૂપિયા થઈ ગયું છે. આ વધારામાં પર્સનલ ઈક્રમ ટેક્સનો મુખ્ય ફાળો રહ્યો છે. સરકારના આ ખુલાસા બાદ મોદી સરકાર વિકાસના ટ્રેક પર દોડી રહી હોવાનું સાબિત થઈ રહ્યું છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૦ જાન્યુઆરી સુધીમાં કુલ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૨૪.૫૮ ટકા વધીને ૧૪.૭૧ લાખ આવ્યું છે. રિફન્ડ એડજસ્ટ કર્યા પછી નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન રૂ. ૧૨.૩૧ લાખ કરોડ હતું. જે ગયા વર્ષના સમાન ગાળા કરતા ૧૯.૫૫ ટકા વધુ છે. આમ મોદી સરકારની આવકમાં સીધો વધારો નોંધાયો છે.

ગયા વર્ષે સમયગાળમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૪.૭૧ લાખ કરોડ રૂપિયા હતું. જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં ૨૪.૫૮ ટકાનો વધારો દર્શાવે છે. કોર્પોરેટ ઈક્રમ ટેક્સ (સીઆઈટી) ક્લેક્શનમાં ૧૯.૭૨ ટકાનો વધારો થયો છે. જયારે પર્સનલ ઈક્રમ ટેક્સ (પીઆઈટી)માં ૩૦.૪૬ ટકાનો વધારો થયો છે.

બજેટમાં નાણાકિય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૪.૨૦ લાખ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ મુક્યો હતો. રિફંડ એડજેસ્ટ કર્યા પછી નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૨.૩૧ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. રિફંડ એડજસ્ટ કર્યા પછી સીઆઈટી કલેક્શનમાં ૧૮.૩૩ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. પીઆઈટીમાં ૨૦.૯૭ ટકાનો વધારો થયો છે. એક એપ્રિલ, ૨૦૨૨ થી ૧૦જાન્યુઆરી, ૨૦૧૩ની વચ્ચે ૨.૪૦ લાખ કરોડ રૂપિયાનું રિફંડ ચુકવ્યું હતું. જે આ વાર્ષિક ધોરણે ૫૮.૭૪ ટકા વધારે છે.

# ચેન્નાઈ એરપોર્ટ પર બિનવારસી બેગમાંથી મળ્યા દુર્લભ જીવો!

**બેગમાંથી ૪૫ બાળ અજગર, ૩ માર્મોસેટ વાંદરાઓ, ૩ સ્ટાર કાચબા અને આઠ કોર્ન સાપ મળી આવ્યા હતા**



ચેન્નાઈ

કસ્ટમ અધિકારીઓને બેગેજ ક્લેઈમ બેલ્ટ પાસે એક અટેન્ડેડ બેગ મળી હતી. આ બેગ ખોલતાં જ ૮ કોર્ન સાપ જોઈને અધિકારીઓ ચોંકી ગયા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં આ કોર્ન સ્નેક/બે માથાવાળા સાપની કિંમત ૨૫ કરોડ રૂપિયા છે. એરપોર્ટ અધિકારીઓને બેગમાંથી ૩ સ્ટાર કાચબા પણ મળી આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં આ કાચબાની કિંમત ૧૫ થી ૨૫ હજાર રૂપિયા સુધી થાય છે. તેમની ઉંમર ૨૫ થી ૮૦ વર્ષ સુધીની છે. તેમનું વજન લગભગ ૧ કિગ્રા થી ૬ કિગ્રા છે. જોકે બીજા દિવસે ૧૨ જાન્યુઆરીએ તમામ પ્રાણીઓને બેંગકોક મોકલવામાં આવ્યા હતા. મર્મોસેટ્સ, જેને ઝરીસ અથવા સાગોઈન તરીકે પણ ઓળખવામાં આવે છે, વિશ્વની ૨૨ નવી વાનર પ્રજાતિઓ કેલિથ્રિક્સ, સેબ્યુએલા, કેલિબેલા અને માયકો જાતિની પણ બેગમાંથી મળી આવી હતી.

# ગાઢ ઉંઘમાં મચ્છર કાનમાં આવી ગુણગુણ કરે ત્યારે ગુસ્સે થાવ છું : દલાઈ લામા

નવીદિલ્હી,

સોશલ મીડિયા પર તિબેટના ધાર્મિક નેતા દલાઈ લામાનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે.આ વીડિયોમાં એક નાની બાળકી ધાર્મિક ગુરૂથી સવાલ કરતી નજરે આવી રહી છે.બાળકી ધાર્મિક ગુરૂથી પુછી રહી છે કે આખરે તમને કયારે ગુસ્સો આવે છે.તેના પર ધાર્મિક ગુરૂનો જવાબ સાંભળી દરેક કોઈ સ્તબ્ધ થઈ ગયા વીડિયોમાં તમે જોઈ શકો છો કે જે માસુમિયતથી બાળકી દલાઈ લામાથી સવાલ કરી રહી હતી તેટલા જ પ્રેમથી દલાઈ લામા બાળકીને સવાલનો જવાબ આપી રહ્યાં હતાંજો કે દલાઈ લામાના જવાબ સાંભળ્યા બાદ કોઈ પણ પોતાની હસી રોકી શકયા નહીં

આ વીડિયો સોશલ મીડિયા દરેક પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહ્યો છે.વીડિયો સોશલ મીડિયા પર તેજીથી વાયરલ થઈ ચુકી છે આ વીડિયો યેશી દાવા નામના એક વ્યક્તિએ પોતાના ટ્વિટર હૈંડલથી પોસ્ટ કર્યો છે.આ વીડિયોમાં બાળકીના સવાલનો જવાબ આપતાં દલાઈ લામા કહે છે કે જયારે પણ તે ગાઢ ઉંઘમાં સુઈ રહ્યા હોય અને કોઈ મચ્છર તેમના કાનની પાસે આવી ગણગણ કરે તો તે સમયે તેઓ ગુસ્સો આવે છે.

વાયરલ થઈ રહેલ આ વીડિયોમાં દલાઈ લામાના પ્યારી બાળકીના સવાલનો જવાબ આપતાં હાથેથી ઈશારો કરતા મચ્છરને મારવાનો ઈશારો પણ કરતા નજરે આવે છે આ વીડિયો અત્યાર સુધી ૨૨ હજારથી વધુ વ્યુજ અને ૪ હજારથી વધુ લાઈકસ મળી છે.સોશલ મીડિયા પર આ વીડિયો ખુબ જ તેજીથી વાયરલ થઈ રહી છે.



# ઐશ્વર્યા રાયને મળી રેવેન્યૂ વિભાગની નોટિસ, એક વર્ષથી નથી ભર્યો ટેક્સ.!

મુંબઈ,

ઐશ્વર્યા રાય બચ્ચન બોલિવૂડની સૌથી પોપ્યુલર એક્ટ્રેસ છે. તેને ફક્ત બોલિવૂડ જ નહીં, ટોલીવૂડ અને આખી દુનિયાની ઈંડસ્ટ્રી ખૂબ પસંદ કરે છે. બચ્ચન પરિવારની વહુ હોવાના નાતે તેની પ્રસિદ્ધિ હંમેશા વધતી જાય છે. તે સોશિયલ મીડિયા પર એક્ટિવ છે અને અપકમિંગ ફિલ્મ પીએસ-૨ના પ્રમોશાનમાં લાગેલી છે. ગત વર્ષ પીએસ-૧ના ઓડિયંસને ભરપૂર પ્રેમ મળ્યો હતો. બીજો ભાગ એપ્રિલમાં રિલીઝ થશે. આ તમામની વચ્ચે ઐશ્વર્યા રાય બચ્ચનનું નામ ટેક્સ ન ભરવા મામલે જોડાયું છે. આ મામલામાં તેને નાસિકના ટીડીઓ તરફથી નોટિસ મોકલવામાં આવી છે. રિપોર્ટ્માં જણાવ્યા અનુસાર, ઐશ્વર્યા રાય બચ્ચને હાલમાં નાસિકના સિન્નરમાં અડવાડી વિસ્તારમાં એક પવન ચક્કી માટે જમીન ખરીદી હતી. જમીનનો ૧ વર્ષનો ટેક્સ ૨૧૯૬૦ રૂપિયા બાકી છે. આ બાકી નાણા માટે સિન્નરના ટીડીઓએ ઐશ્વર્યા રાયને નોટિસ મોકલી છે. અડવાડીના પહાલી વિસ્તારમાં ઐશ્વર્યાની ૧ હેક્ટર જમીન છે. ઐશ્વર્યાએ આ જમીનનો એક વર્ષથી બાકી ટેક્સ નથી ભર્યો. ઐશ્વર્યા રાય બચ્ચને તેના પર કોઈ જવાબ આપ્યો નથી. જેના જવાબમાં રેવેન્યૂ વિભાગે ઐશ્વર્યા વિરુદ્ધ કડક કાર્યવાહી કરતા નોટિસ મોકલી છે.રેવેન્યૂ વિભાગે માર્ચના અંત સુધીમાં ટેક્સ ચુકવવા માટે નોટિસ મોકલી છે. આપને જણાવી દઈએ કે, ઐશ્વર્યાની સાથે સાથે ૧૨૦૦ લોકોને નોટિસ મોકલી છે. આ તમામ લોકોની પ્રોપર્ટી આ એરિયામાં આવેલી છે.

# ઓટીટી પ્લેટફોર્મ પર શરતો સાથે 'પઠાણ' ફિલ્મને રિલીઝ કરાશે : દિલ્હી હાઈકોર્ટ

મુંબઈ,

તાજેતરમાં જ રિલીઝ થયેલા 'પઠાણ'ના ટ્રેલરે તમામને ચોંકાવી દીધા. ફિલ્મમાં દરેકનો લુક ચોંકાવનારો હતો. દીપિકા પાદુકોણ અને શાહરુખ ખાનથી લઈને જોન અબ્રાહમ અલગ જ અંદાજમાં જોવા મળ્યા. કુલ મળીને ટ્રેલરને ખૂબ પસંદ કરવામાં આવ્યુ. હવે ફિલ્મની ઓટીટી રિલીઝને લઈને અપડેટ સામે આવી રહ્યુ છે. પઠાણને ઓટીટી પર શરત સાથે રિલીઝ કરવામાં આવશે. કોર્ટે આને લઈને દિશા-નિર્દેશ જાહેર કર્યા છે.

દિલ્હી હાઈકોર્ટે પઠાણમાં અમુક પરિવર્તન કરવાના આદેશ આપતા કહ્યુ કે ફિલ્મમાં પરિવર્તન કરવામાં આવે જેથી ઓટીટી પ્લેટફોર્મ પર દ્રષ્ટિ ક્ષતિગ્રસ્ત પણ ફિલ્મ માણી શકે. હાઈકોર્ટે પરિવર્તન કર્યા બાદ સીબીએફસી પાસેથી બીજીવાર સર્ટિફિકેટ લેવા માટે કહ્યુ છે. કોર્ટે નિર્માતાઓને ૨૦ ફેબ્રુઆરી સુધી રિપોર્ટ દાખલ કરવાના આદેશ આપ્યા છે. સીબીએફસીને ૧૦ માર્ચ સુધી નિર્ણય કરવાનું કહ્યુ છે. જોકે, થિયેટરોમાં રિલીઝને લઈને કોર્ટે કોઈ આદેશ આપ્યા નથી.

# ક્રિકેટર ઋષભ પંતે ૧૬ દિવસે પહેલી વખત ટિવટ કર્યું ,બીસીસીઆઈ અને ચાહકોનો માન્યો આભાર



મુંબઈ,

ડિસેમ્બર મહિનાના અંતમાં રોડ એક્સિડન્ટમાં ગંભીર રીતે ઘાયલ થયેલાં ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી ઋષભ પંતે આજે ૧૬ દિવસે એક્સિડન્ટ બાદ પહેલી વખત ટ્વીટ કર્યું છે. આ ટિવટમાં તેણે તેના ફેન્સને સબ કુશલ મંગલ હૈ.પંતે ટ્વીટ કરી બીસીસીઆઈ અને ચાહકોનો આભાર માન્યો હતો.પંતે કહ્યું હતું કે મારી માટે પ્રાર્થના કરનાર અને મારા દુખમાં સહભાગી થનારાઓનો ખુબ ખુબ આભાર

ટિવટમાં ઋષભ પંતે જણાવ્યું છે કે તેના પર કરવામાં આવેલી સર્જરી સફળ રહી છે અને પીચ પર પાછા ફરવાની દિશામાં પગલા માંડી દીધા છે. એક્સિડન્ટ બાદ મદદ કરવા માટે તેણે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ અને બીસીસીઆઈના જય શાહનો આભાર માન્યો છે. તેણે જય શાહને પોતાના ટિવટમાં ટેગ પણ કર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૩૦મી ડિસેમ્બરના ઘરે પાછા ફરતી વખતે રિષભ પંતની કારને રુરકી નજીક ડિવાઈડર સાથે અથડાતા જોરદાર અકસ્માત નડ્યો હતો. આ ટક્કર બાદ પંતની કારમાં આગ લાગી ગઈ હતી. સમયસર પંત કારમાંથી બહાર આવી ગયો એટલે તેને વધુ કોઈ ઈજા પહોંચી નહોતી. જોકે, આ અકસ્માત બાબતે પણ લોકોમાં મતમતાંર જોવા મળ્યો હતો. ખેર, આપણે તો ભાઈસાબ એ જ વાતે રાજીના રેડ થઈ ગયા છે આપણો ફેવરિટ ક્રિકેટર હવે ધીરે ધીરે સાજો થઈ રહ્યો છે અને ટૂંક સમયમાં જ ફરી એક વખત તેને મેદાનમાં રમતો જોઈ શકાશે.

# ભારતીય ક્રિકેટરોએ સાઉથના સુપરસ્ટાર જુનિયર એનટીઆર સાથે જોરદાર પાર્ટી કરી



હૈદરાબાદ,

હૈદરાબાદના રાજીવ ગાંધી ક્રિકેટ સ્ટેડિયમ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે વનડે સિરીઝની પ્રથમ મેચ રમાશે. બુધવારે રમાનારી મેચ માટે ભારતીય ખેલાડીઓ સોમવારે હૈદરાબાદ પહોંચ્યા હતા. સાંજે શુભમન ગિલ, સૂર્યકુમાર યાદવ, યુઝવેન્દ્ર ચહલ, ઈશાન કિશન સહિત ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓ સાઉથના સુપર સ્ટાર જુનિયર એનટીઆરના ઘરે પાર્ટી કરવા પહોંચ્યા હતા.

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે બુધવારે રાજીવ ગાંધી ક્રિકેટ સ્ટેડિયમમાં પ્રથમ વનડે રમાશે. રોહિત શર્મા એન્ડ ટીમ સોમવારે ત્રિવેન્દ્રમથી હૈદરાબાદ પહોંચી હતી. વિરાટ કોહલી સૌથી પહેલા હૈદરાબાદ પહોંચ્યો હતો, તે એકલો આવ્યો હતો. આ પછી અન્ય ટીમોના ખેલાડીઓ પણ હૈદરાબાદ પહોંચ્યા હતા. હૈદરાબાદમાં ટીમના ઘણા ખેલાડીઓએ જુનિયર એનટીઆર સાથે પાર્ટી કરી હતી, જેનો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.શુભમન ગિલ, સૂર્યકુમાર યાદવ, યુઝવેન્દ્ર ચહલ, ઈશાન કિશન અને શાર્દુલ ઠાકુર એનટીઆર જૂનિયરના ઘરે પહોંચ્યા હતા. સૂર્યા બ્લેક હુડી શાર્દુલ ઠાકુર જેકેટ ઈશાન-કિશન અને સ્ટાઈલિટ શર્ટમાં જોવા મળ્યા હતા.

# સોમનાથ મહાદેવના હિન્દી ફિલ્મના નિર્માતા-નિર્દેશક અનીલ શર્માએ સહપરીવાર દર્શન કર્યા




મિતેશ પરમાર, વેરાવળ,
સોમનાથ મહાદેવ મંદિર એ કરોડો લોકોની આસ્થાનુ કેન્દ્ર છે ત્યારે આજરોજ ગદદર ફિલ્મના ડાયરેક્ટર અનીલ શર્મા પોતાના પરીવાર સાથે સોમનાથ મંદીરે દર્શન, પૂજા અર્ચના કરી ધન્ય બન્યા હતા .મીડીયા સાથેની વાતચીત મા જણાવેલ કે ગદદર ફિલ્મ પૂર્ણ થઈ અને તેની ભારે સફળતા બાદ ગદદ-૨ ફિલ્મ પણ બની ચુકી છે તેનુ શુટીંગ લખનઉ મા પૂર્ણ થઈ ચુક્યુ છે ચાર -પાંચ મહીનામા આ ફિલ્મ રીલીઝ થશે .વધુમા જણાવેલ કે આ ફિલ્મમા સન્નીદેયોલ અને અમીષા પટેલ નુ પુત્ર જીતે ( ઉત્કર્ષ શર્મા ) જે ડાયરેક્ટર અનીલ શર્મા નો જ પુત્ર છે તે ફરી ગદદર ૨ મા ફિલ્મના મુખ્ય હીરો તરીકે આવશે અને હીરોઈન મા નવી હીરોઈન સીમરન આવશે તેમજ આ ફિલ્મ ગદદર ૧ કરતા પણ ખૂબજ રોમાંચક બનાવી છે જેમા દેશપ્રેમ ,પ્રેમકહાની ,કોમ્યુનીટી સહીત નો સમાવેશ કરવામા આવ્યો છે . અનીલ શર્મા એ ગદદર ફિલ્મ ઉપરાંત હકુમત ,વીર ,ફરીસ્તે, મહારાજા, અબ તુમ્હારે હવાલે વતન સાથીયો સહીતની ફિલ્મો બનાવી છે જેમા અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર, ગોવીંદા, સન્ની દેઓલ ,સલમાન ખાન સહીત સાથે કામ કરેલ છે અને આ વખતે ગદદર ૨ ફિલ્મમા વેરાવળના હોટલ ઉધોગ સાથે સંકળાયેલા આશીફ બાપુ કાદરી પણ આ ફિલ્મમા એક વિલનના રોલમા લીધેલ છે . અનીલ શર્મા ( ડાયરેક્ટર, બોલીવુડ ફિલ્મ ) જણાવેલ કે મુંબઈ નગરી સપનાની નગરી છે આ નગરીમા દેશના ખુણેખુણાથી લોકો પોતાના સપના પુરા કરવા આવે છે અને ઘણા નાના લોકોના સપના મુંબઈ મા પુરા પણ થયા છે હાલ બોલીવુડ સમગ્ર મુંબઈ મા છે તો બીજી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ યુપી મા બનવા જઈ રહી છે જેમ પંજાબમા છે હૈદરાબાદ મા છે તે ખૂબજ સારી વાત છે અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ મા ક્યારેક નાના મોટા વિવાદો આવતા હોય તે દરેક મા આવે છે જેનાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ ને કોઈ ફેર નથી પડતો .ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ એ ભારતીય ઈન્ડસ્ટ્રીઝ છે અને એમા લાખો લોકોનુ ગુજરાન ચાલે છે .

# રાજકોટ શ્રી રણછોડદાસજી બાપુના આશ્રમે ગુપ્ત નવરાત્રી નિમિતે રામચરિત માનસ પાઠ

રાજકોટ,
: સદ્‌ગુરૂ સદન ટ્રસ્ટ (પ. પૂ. શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ) ખાતે મહા માસમાં ગુપ્તે નવરાત્રિ નિમિતે મહાસુદ-૧ થી મહા સુદ-૯ સુધી તા. ૨૨/૦૧/૨૦૨૩ રવિવારથી તા. ૩૦/૦૧/૨૦૨૩ સોમવાર સુધી શ્રીરામ ચરિત માનસજીનાં નવાહ પાઠનું આયોજન નીજ મંદિર હોલ શ્રી સદ્‌ગુરૂ આશ્રમ ખાતે કરવામાં આવેલ છે.

વ્યાજસપીઠ ઉપર સુવિખ્યા ત, વિદ્વાન શાષી, રામાયણી ચિત્રકુટ ધામ વાળા પુજય શ્રી પ્રભુદાસજી અગ્નિહોત્રી વ્યાજસજી તેમની સુમધુર વાણી સાથે શ્રી રામાયણજીનાં નવાહપાઠનું સંગીતમયી શૈલીમાં રસપાન કરાવશે.

આ શ્રી રામચરિત માનસજીનાં પાઠ નિમિતે ભારતભરમાંથી અસંખ્યન સંત ભગવાન ઉપસ્થિંત રહે છે, જે નિમિતે આશ્રમમાં સંત ભગવાનની પધરામણી ચાલુ થઇ ગયેલ છે, તેમનાં અલભ્યવ દર્શનનો લાભ લઈ શકાશે. આ શ્રી રામચરિત માનસજીનાં પાઠ કરવાનું પ. પૂ. શ્રી સદ્‌ગુરૂદેવ ભગવાનશ્રી રણછોડદાસજીબાપુશ્રીએ ઘણું મહત્વ્ બતાવ્યું છે, તથા



શ્રી રામચરિતમાનસજીનાં પાઠ પ. પૂ. શ્રી સદ્‌ગુરૂદેવ ભગવાનશ્રીને અતિપ્રિય હતા. રાજકોટનાં તમામ ધર્મપ્રેમી ભાઇ-બહેનોને તથા ગુરૂભાઇઓ-બહેનોને આ શ્રી રામચરિતમાનસજી નવાહ પાઠમાં ઉપસ્થિગત રહી હૃદયનો આનંદ મેળવવા શ્રી સદ્‌ગુરૂ સદન ટ્રસ્ટૂ (મો. ૯૫૮૬૩ ૦૮૧૭૮) દ્વારા નિમંત્રણ પાઠવ્યું છે.

# સીટીલાઈફ

## રાજકોટ મનપા દ્વારા ફેરિયા લોન અરજીઓની મંજુરીની પ્રક્રિયા માટે કેમ્પ્ શરૂ





રાજકોટ,
ભારત સરકારશ્રી દ્વારા શેરી ફેરિયાઓ માટે પ્રધાનમંત્રી યોજના મારફત શેરી ફેરિયાઓ તેઓની આજીવિકા પુનઃસ્થા પિત કરી શકે તે હેતુથી કેમ્પજના આયોજન વખતોવખત કરવામાં આવતા રહે છે. જેમાં આજથી ત્રણ દિવસ માટે એવા લોકો માટે કેમ્પિનું આયોજન કરવામાં આવેલ છે જેઓની લોનની અરજી બેંક દ્વારા મંજુર થઇ ચુકી છે પરંતુ ખાતામાં નાણાં જમા થયેલ નથી. આ કેમ્પકમાં આવા પ્રકારના કેસની બાકી રહેલી પ્રક્રિયા પૂર્ણ કરાવવામાં આવી રહી છે. જેમાં બપોર ૧ વાગ્યા સુધીમાં અંદાજિત ૧૫૦ જેટલા લોકોની લોન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે. વિશેષમાં કેમ્પયના સ્થશળે તા.૧૮થી તા.૨૧ દરમ્યાશન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે ઈ-શ્રમ કાર્ડ રજીસ્ટ્રે શનની કામગીરી પણ કરવામાં આવનાર છે. જેનો પણ લાભ લેવા લાભાર્થીઓને જાણ કરવામાં આવે છે.

## દર મહિનાના પ્રથમ રવિવારે ચૂંટણી કાર્ડ સાથે આધાર લિંક કરવા માટે ઝુંબેશ

રાજકોટ,
ભારતીય ચૂંટણી પંચની સુચના મુજબ મતદારોના ચૂંટણી કાર્ડને આધાર કાર્ડ સાથે જોડવાના અભિયાન અન્વેયે મતદારોને તેમના ચૂંટણી કાર્ડ સાથે આધાર કાર્ડની વિગતો જોડવા માટે મહિનાના પ્રથમ રવિવારે ખાસ ઝુંબેશ યોજવામાં આવશે. કોઈ પણ વ્યક્તિ બે સ્થાન પર મતદાન ન કરે અને મતદારોની યાદીને સ્વચ્છ અને પારદર્શી બનાવી શકાય તેવા શુભાશય સાથે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની સૂચના અનુસાર આગામી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીમા આધાર લિંકની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવા માટે વિધાનસભાના તમામ બુથ લેવલ ઓફિસરો તેમના વિસ્તારમાં ફરીને આધારકાર્ડની વિગતો મેળવી ગરૂડા એપ્લીકેશન મારફત એન્ટ્રી કરી લેવાની રહેશે. જેનું નિરીક્ષણ તમામ ઝોનલ ઓફિસરશ્રીએ કરવાનું રહેશે.ઉલ્લેખનીય છે કે, બુથ લેવલ ઓફિસરો મતદારોને આધારકાર્ડ લિંક કરાવવા માટે જરૂરી સમજ આપી સ્વેચ્છાએ આધાર નંબર ફોર્મ ૬-ખ માટે વિગતો આપવા માર્ગદર્શન આપશે. દરેક બુથ લેવલ ઓફિસરોએ તેમના ભાગના મતદારોનો આ બાબતે રૂબરૂ સંપર્ક કરી મતદારયાદીમાં મતદારનો સંપર્ક કર્યા બદલની સહી પણ મેળવશે, તેમ રાજકોટ પશ્ચિમના પ્રાંત અધિકારી અને મતદાર નોંધણી અધિકારીશ્રી સંદીપકુમાર વર્માની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

## રાજકોટના બિન્દુબેન રાયચુરા દ્વારા બનાવવામાં આવેલ રાજાધિરાજ દ્વારકાધીશના પેઈન્ટીંગનુ પ્રદર્શન

### પ્રદર્શનનું શનિવારે મેયર પ્રદિપભાઈ ડવના હસ્તે ઉદઘાટન

રાજકોટ,
રાજકોટ શ્યા માપ્રસાદ આર્ટ ગેલેરી રેસકોર્ષ ખાતે મહારાજાધિરાજ શ્રી દ્વારકાધીશના ૫૧ અલૌકિક સ્વૂપો અને શૃંગારોના પેઈન્ટીંયગનું પ્રદર્શન તા. ૨૧ તથા ૨૨ જાન્યુ આરીના રોજ યોજાઈ રહ્યુ છે. બિન્દુંબેન રાયચુરાને બાળપણથી પેઈન્ટીં ગ અને અલગ અલગ પ્રકારના જેવા કે કેનવાસ પેઈન્ટીંગ, સ્કે્ચ બનાવવા, ધાર્મિક કલા, ઐતિહાસિક કૌટુંબિક ચિત્રો, અમૂર્ત કલાનો શોખ રહ્યો છે. ધીમે ધીમે તેમણે વિવિધ વિષયો પર કૃતિઓ બનાવવા માટે પેન્સી લ સ્કે્ચીંગ, વોટર કલર્સ, એક્રેલીક ઓઈલ પેસ્ટજલ્સ થી વગેરેથી માંડીને વિશાળ શ્રેણી પર પ્રયોગ કર્યો છે અને તેમાં ભવ્ય્ સફળતા મેળવી છે. આ પ્રદર્શન તા. ૨૧ અને ૨૨ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ થી રાત્રીના ૮:૩૦ વાગ્યાણ સુધી યોજાનાર છે, જેનો મંગલ પ્રારંભ રાજકોટના મેયર શ્રી પ્રદિપભાઈ ડવ દ્વારા કરવામાં આવશે.

# રાજકોટમાં પૂજિત રૂપાણી ટ્રસ્ટ દ્વારા કાન, નાક, ગળાનો નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાશે

## જરૂરિયાતમંદને વિના મૂલ્યે શ્રવણયંત્ર (હિયરીંગ એઈડ)નું વિતરણ

રાજકોટ,
શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટમ તથા રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉનનાં સંયુકત ઉપક્રમે તારીખઃ ૨૨ રવિવારે સમયઃ સવારે ૯ થી ૧૧-૩૦, વિના મૂલ્યે શ્રવણયંત્ર (હિયરીંગ એઈડ) વિતરણ તથા કાન-નાક-ગળાના નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે લોકોને કાનમાં બહેરાશ આવી ગઈ હોય, કાનમાં ઓછું સંભળાતું હોય, કાનમાં સાંભળવાનું મશીન લઈ ન શકતા હોય તેવા જરૂરિયાતમંદ દર્દીઓને વહેલા તે પહેલાના ધોરણે વિનામૂલ્યેન શ્રવણયંત્ર (બહેરાશમાં ઉપયોગી થતું મશીન) ડોકટરની સલાહ મુજબ વિતરણ કરવામાં આવશે. કેમ્પિનું ઉદ્?ઘાટન ધારાસભ્યં ઉદય કાનગડના હસ્તેપ થશે.

જે દર્દીઓને કાન, નાક કે ગળાની નાની મોટી તકલીફો રહેતી હોય, કાકડા વધવા, કાનમાં રસી આવવી, અવાજ બેસી જતો હોય, શરદી રહેતી હોય, નાકમાં મસા રહેતા હોય આવા કોઈપણ રોગોનું નિદાન નામાંકિત ડોકટરો સર્વ શ્રી ડો. સુનિલભાઇ મોદી, ડો. જતિનભાઇ મોદી, ડો. નિરવભાઇ મોદી, ડો. દર્શનભાઇ ભટ્ટ, ડો. વિમલભાઇ હેમાણી, ડો. વૈભવભાઇ હાપલિયા દ્વારા કરવામાં આવશે.

શ્રવણયંત્ર (હિયરીંગ એઈડ) માટે લાભ લેનાર દર્દીઓએ પોતાના ઓળખપત્ર તરીકે આધારકાર્ડની ઝેરોક્ષ પુરૂં સરનામુઃ આવકનો દાખલો તેમજ કલર પાસપોર્ટ સાઈઝ ફોટો સાથે લાવવો જરૂરી છે. જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે શ્રવણયંત્ર વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવામાં આવશે.

જરૂરીયાતમંદ દર્દીઓને પોતાના આરોગ્યલની સુખાકારી માટે આ કેમ્પેનો લાભ લેવા શ્રી પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ્નાં ચેરમેન શ્રી વિજયભાઇ રૂપાણીએ અપીલ કરી છે.

રવિવારે યોજાનાર આ કેમ્પીને યશસ્વીલ બનાવવા ટ્રસ્ટ ના ટ્રસ્ટીમ શ્રીમતી અંજલીબેન રૂપાણી તથા શ્રી મહેશભાઇ ભટ્ટ માર્ગદર્શન હેઠળ મેડિકલ કમિટી મેમ્બેર્સ શ્રી ડો. જૈમનભાઇ ઉપાધ્યા?ય, ડો. નયનભાઇ શાહ, ડો. વિભાકરભાઇ વચ્છગરાજાની, દિવ્યેસશભાઇ અઘેરા, બીપીનભાઇ વસા જહેમત ઉઠાવી રહ્યા છે.

કેમ્પદ અંગે વિશેષ માહિતી માટે ટ્રસ્ટસના વહીવટી અધિકારી શ્રી ભાવિનભાઇ ભટ્ટનો શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટહ, ‘‘કિલ્લોલ’’, ૧-મયુરનગર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન (પૂર્વ ઝોન) સામે, ભાવનગર રોડ, ખાતે રૂબરૂ અથવા ફોન નં. ૦૨૮૧-૨૭૦૪૫૪૫/૨૭૦૧૦૯૮ દ્વારા સંપર્ક સાધવો. કેમ્પત આ જ સ્થળે યોજાનાર છે.

# રાજકોટ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ઓપન ગુજરાત ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

રાજકોટ
પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ સ્વ઼ન.અશ્વિનભાઈ મહેતા ઓપન ગુજરાત ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટ તા.૨૯ જાન્યુઆરીથી રેલ્વે ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રાખવામાં આવેલ છે.સમસ્તુ બ્રહ્મસમાજ રાજકોટના અગ્રણી કશ્યપભાઈ શુકલ તથા સમસ્ત બ્રહ્મસમાજ રાજકોટના પ્રમુખ દર્શિતભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ આ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું ચાલુ વર્ષ એક નવા અંદાજથી આયોજન કરવામાં આવેલ છે. અમદાવાદ, સુરત, પોરબંદર, જામનગર, સુરેન્દ્રવનગર, જુનાગઢ તેમજ રાજકોટ શહેરની નામાંકિત અને બળુકી ક્રિકેટ ટીમો વચ્ચેદ તા.૨૯/૦૧/૨૦૨૩થી રેલ્વેર(લોકો કોલોની) ક્રિકેટ ગ્રાઉન્ડે પર ક્રિકેટનો મહાજંગ ખેલાવાની શરૂઆત થશે.

ટુર્નામેન્ટના ગુજરાતમાંથી આવતા તમામ બ્રહ્મપરિવારના ખેલાડીઓ માટે રહેવા તથા જમવાની ઉતમ વ્યકવસ્થાર બ્રહ્મસમાજ તરફથી આપવામાં આવશે. આ સમગ્ર ટુર્નામેન્ટા આઈસીસી કન્ડથકટ નિયમો પ્રમાણે રમાડવામાં આવશે. સેમીફાઈનલથી દરેક ટીમોને કલરફુલ ડ્રેસ આપવામાં આવશે. સ્ટે?ટ પેનલના અમ્પાડયરો દ્વારા આ સમગ્ર ટુર્નામેન્ટ.નું અમ્પાયરિંગ કરવામાં આવશે.

ચેમ્પિઈયન ટીમને રોકડ પુરસ્કાસર તથા રનિંગ શિલ્ડા આપવામાં આવશે તેમજ રનર્સઅપ ટીમને રોકડ પુરસ્ક્ર તથા શિલ્ડિ આપવામાં આવશે. આ ટુર્નામેન્ટ્માં ઉત્કૃમષ્ટમ દેખાવ કરનાર પ્લેસયરને મેન ઓફ ધ સિરીઝ તરીકે તેમજ બેસ્ટે બેટ્સિમેન તથા બેસ્ટડ બોલર તથા મેન ઓફ ધ મેચને ઈનામ આપવામાં આવશે. ટુર્નામેન્ટ ની એન્ટ્રીર તા.૨૧/૦૧/૨૦૨૩ સુધીમાં મુરલીધર હાઈસ્કુમલ ૮/૧૧ વર્ધમાન નગર રાજકોટ ખાતે જમા કરાવવી

# રાષ્ટ્રીય ભાજપ અધ્યક્ષ તરીકે જે.પી.નડ્ડાજીનો કાર્યકાળ લંબાવવાના નિર્ણયને આવકાર

## ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપ પ્રચંડ જનાદેશ સાથે વિજય હાંસલ કરશે : ભુપતભાઈ બોદર



રાજકોટ,
રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદરએ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે જેપી નડ્ડાનો કાર્યકાળ જૂન ૨૦૨૪ સુધી લંબાવ્યો છે. ત્યારે આ નિર્ણયને આવકારી જેપી નડ્ડાજી ને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે જે.પી.નડ્ડાજી એ જૂન ૨૦૧૯માં પાર્ટીની કમાન સંભાળી હતી.

અને સમગ્ર દેશમાં પીએમ મોદીની લોકપ્રિયતા વધારવામાં જે.પી. નડ્ડાજીએ પણ યોગદાન આપ્યું છે. જે.પી.નડ્ડાજીના નેતૃત્વમાં સમગ્ર સંગઠને એકજૂથ થઈને કામ કર્યું છે. કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન લોકોની સેવા કરવામાં જે.પી.નડ્ડાજીના નેતૃત્વની પ્રશંસા કરતા ભુપતભાઈ બોદરએ જણાવ્યું હતું કે વિશ્વ ની સૌથી મોટી રાજકીય પાર્ટી એવી ભારતીય જનતા પાર્ટી નો પ્રત્યેક કાર્યકતા એકબીજા સાથે પારિવારિક ભાવના થી જોડાયેલો છે ત્યારે ભાજપ પાસે નિષ્ઠાવાન, સમર્પિત અને મુલ્યવાન કાર્યકર્તાઓ ની વિશાળ ફૌજ છે. દેશમાં એકમાત્ર ભાજપ જ કાર્યકર્તાઓ નો પક્ષ ગણાય છે.

# રાજકોટના અમૃત સરોવરોના નિર્માણકાર્યોની સમીક્ષા કરતાં કલેક્ટરશ્રી અરુણ મહેશ બાબુ

રાજકોટ,
ભારત સરકારશ્રીના નેશનલ વોટર કન્ઝર્વેશન મિશન વિભાગ દ્વારા "જલ શકિત અભિયાન-કેચ ધ રેઈન’’ કાર્યક્રમ અંતર્ગત રાજકોટ જિલ્લામાં નવા અમૃત સરોવરોના નિર્માણ, હયાત અમૃત સરોવરોનું સમારકામ, તથા તેમના નવીનીકરણ અને બ્યુટીફીકેશન વગેરે કાર્યોની સમીક્ષા કરવા અંગેની બેઠક કલેક્ટરશ્રી અરુણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

કલેકટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં અમૃત સરોવરોની કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની સૂચના કલેકટરશ્રીએ સંબંધિત વિભાગોના અધિકારીઓને આપી હતી.

રાજકોટ જિલ્લામાં ૭૫ અમૃત સરોવર પૈકી ૨૦ સરોવર તૈયાર થઇ ચૂકયા છે. જયારે ૫૫ જેટલા સરોવરોના કામો પ્રગતિ હેઠળ છે.

આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજયભરના તમામ જિલ્લાઓમાં ૭૫ અમૃત સરોવર બની રહયા છે. આ સરોવરોના નિર્માણથી વરસાદી પાણીનો સંગ્રહ થશે.

ભુગર્ભ જળ ઉંચા આવશે. અને સહેલાણીઓને સુંદર પર્યટન સ્થળ પ્રાપ્ત થશે.

આ તકે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહિતના સંબધિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નીલેશ પંડ્યા લિખિત ‘લોકસરિતાનાં બે વહેણ-લોકગીત અને ધોળ’ પુસ્તકનું વિમોચન સંપન્ન

## નીલેશ પંડ્યાનાં લોકસાહિત્ય વિષયક પુસ્તકો નવી ભાત પાડે છેઃડૉ.મનોજ જોશી : ધોળ જેવા વિષય પર બહુ કામ થયું નથી,આ પુસ્તક નવી દિશા ઉઘાડશેઃડૉ.દીપક પટેલ




રાજકોટઃ
સુપ્રસિદ્ધ લોકગાયક,પત્રકાર,લેખક નીલેશ પંડ્યા લિખિત પુસ્તક ‘લોકસરિતાનાં બે વહેણ-લોકગીત અને ધોળ’નું વિમોચન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા સાહિત્ય ભવન ખાતે સંપન્ન થયું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અનુદાનિત પ્રોજેક્ટ અંતર્ગત સંશોધનકાર્ય પૂર્ણ કરી નીલેશ પંડ્યાએ સંશોધિત સામગ્રીને હવે પુસ્તકરૂપે પ્રકાશિત કરી જેનું વિમોચન થયું.આ તકે ગુજરાતી ભવનના અધ્યક્ષ ડૉ.મનોજ જોશીએ જણાવ્યું કે મારા હમવતન નીલેશ પંડ્યા છેલ્લાં ઘણાં વર્ષોથી પત્રકારત્વ,લેખન,લોકસંગીતના ગાયન,સંશોધન,અધ્યાપન સાથે સંકળાયેલા છે.તેમનાં લોકસાહિત્ય વિષયક પુસ્તકોએ નવી ભાત પાડી છે.

ડૉ.દીપક પટેલે કહ્યું કે ધોળ જેવા વિષય પર બહુ કામ થયું નથી ત્યારે આ પુસ્તક નવી દિશા ઉઘાડનારું બની રહેશે.ડૉ.જે.એમ.ચન્દ્રવાડિયાએ જણાવ્યું કે લોકસાહિત્ય-લોકસંગીત ક્ષેત્રે સંશોધન-લેખન કરનારા વિદ્વાનો ઘણા છે પણ તેઓ ગાયક ન હોય એટલે કે સંશોધન-લેખન સાથે ગાયન કરવું ‘રેર’ ગણાય. નીલેશ પંડ્યા લોકગાયક પણ છે.

આ અવસરે ડૉ.પ્રભુ ચૌધરી અને ડૉ.સુનીલ જાદવે પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો તો નીલેશ પંડ્યાએ પ્રતિભાવમાં પોતાની સંશોધન,લેખન,ગાયનયાત્રા વિશે વાત કરી હતી.

# રિલાયન્સ જ્વેલ્સ ડ્રીમ ડાયમન્ડ સેલ સાથે તમારા ડાયમન્ડ સ્વપ્નોને સાકાર કરો!



મુંબઈ
રિલાયન્સ જ્વેલ્સ વિશિષ્ટ ડિઝાઈન, વિશિષ્ટ કલેક્શન્સ અને વિવિધ રોમાંચક ઓફર પર ધ્યાન કેન્દ્રિત કરીને એના ગ્રાહકોને ખરીદીનો શક્ય શ્રેષ્ઠ અનુભવ આપવા કટિબદ્ધ છે. ડ્રીમ ડાયમન્ડ સેલ સાથે બ્રાન્ડ તેમના ગ્રાહકોને શ્રેષ્ઠ અને વિશિષ્ટ કામગીરી સાથે ડાયમન્ડ જ્વેલરીની ડિઝાઈનોની બહોળી રેન્જનો અનુભવ લેવાની તક પૂરી પાડે છે. ચમકદાર ડાયમન્ડ અને પરફેક્શન માટે હાથથી બનાવેલી ડિઝાઈનો સાથે ડાયમન્ડ કલેક્શન નેકલેસના સેટ, પેન્ડન્ટના સેટ, બેંગલ્સ, બ્રેસલેટ, રિંગ વગેરેમાં આકર્ષક ડિઝાઈનો પ્રસ્તુત કરે છે, જે કોઈ પણ વિશેષ પ્રસંગ માટે યાદગાર બનશે. અમારા ડ્રીમ ડાયમન્ડ સેલ દરમિયાન ડાયમન્ડ જ્વેલરી પર મોટી બચત સાથે ગ્રાહકો ખરીદી કરી શકે છે, જેમાં ડાયમન્ડના મૂલ્ય પર ૨૫ ટકા સુધી ડિસ્કાઉન્ટ મળશે. ઓફર ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધી જ માન્ય છે, શરતો અને નિયમો લાગુ. આધુનિક ડિઝાઈનોથી સદાબહાર ક્લાસિક સુધી કલેક્શન દરેક માટે કશું ધરાવે છે. ડાયમન્ડના દરેક પીસ સચોટતા સાથે બનાવવામાં આવ્યાં છે અને તેમાં બારીક બાબતો પર ધ્યાન આપવામાં આવ્યું છે, જે તેમને કોઈ પણ વિશેષ પ્રસંગ માટે આદર્શ પસંદગી બનાવે છે.

# લાલપુરના ગલ્લા પાસે જાનૈયાનો બોલેરો ઝાડ સાથે ટકરાતાં આઠને ઇજા





## ઇજાગ્રસ્તોને તાત્કાલિક જામનગર ખસેડાયા, બેની હાલત નાજુક : પોલીસ ટુકડી ઘટનાસ્થળે અને હોસ્પિટલ દોડી ગઈ

જામનગર

જામનગર લાલપુર ધોરી માર્ગ પર ગલ્લા ગામના પાટીયા પાસે કરિયાવરનો સામાન અને જાનૈયાઓને લઈને પરત ફરી રહેલો બોલેરો અકસ્માતે ઝાડ સાથે ટકરાઈ ગયો હતો. જે અકસ્માતમાં જાનૈયા પરિવારના આઠ વ્યક્તિને નાની મોટી ઈજાઓ થતા તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા છે, જેમાં બેની હાલત ગંભીર ગણાવાઈ રહી છે.આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના મોટા થાવરીયા ગામના દેવીપુજક પરિવારમાં લગ્ન પ્રસંગ હતો. અને ગઈકાલે જાન લઈને અડવાણા ગામે ગયા હતા, ત્યાંથી લગ્ન પ્રસંગ પૂર્ણ કરીને એક બોલેરામાં જાનૈયાઓ કારીયાવરનો સામાન લઈને પરત ફરી રહ્યા હતા.

દરમ્યાન પરત ફરતી વખતે સાંજે ૬.૩૦ વાગ્યા આસપાસ લાલપુર નજીક ગલ્લા ગામના પાટીયા પાસે બોલેરો ચાલક પોતાના વાહન પરથી કાબુ ગુમાવી બેઠો હતો, અને રોડથી નીચે ઉતરીને ઝાડ સાથે ટકરાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. જેથી બોલેરોની અંદર કુલ આઠ વ્યક્તિઓ બેઠી હતી, જે તમામને નાની મોટી ઈજા થઈ હતી.

આ અકસ્માતના બનાવ પછી ૧૦૮ ની ટુકડી તથા અન્ય ખાનગી વાહનો વગેરેમાં ઈજાગ્રસ્તોને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા. જેમાં મોટા થાવરીયાના શાયર સાડમિયા, બેરાજા ગામના અનિલ સાડમીયા તથા કિશન સાદમીયાને વધુ પડતી ઈજા થઈ છે, અને તેઓની જી.જી. હોસ્પિટલમાં સઘન સારવાર ચાલી રહી છે, જ્યારે બાકી અન્ય પાંચને પ્રાથમિક સારવાર આપી રજા આપી દેવાઈ હતી.આ અકસ્માતની જાણ થતાં લાલપુરની પોલીસ ટુકડી ઘટના સ્થળે તેમજ જી.જી. હોસ્પિટલે દોડી ગઈ હતી, અને વધુ તપાસ ચલાવે છે.

# જામનગર જિલ્લામાં ઠંડીમાં આંશિક રાહત: ૧૧ ડીગ્રી પવન વધ્યો



જામનગર

જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું હતું, અને ઠંડીનો પારો સિંગલ ડીજીટમાં આવી ગયો હતો, જેમાં આંશિક રાહત મળી છે. ઠંડીનો પારો ત્રણ ડિગ્રી પરત ફરીને ૧૧ ડિગ્રીએ પહોંચ્યો છે. જોકે તેની સાથે સાથે ભેજ અને પવનની તીવ્રતામાં વધારો થયો હોવાથી ઠંડીનું જોર યથાવત રહ્યું છે.

જામનગર શહેરમાં ઠંડીનો પારો સિંગલની ડીજીટમાં રહેવાને કારણે જનજીવન પર વ્યાપક અસર જોવા મળી હતી, અને વહેલી સવારે માર્ગો સુમસામ જોવા મળતા હતા.

દરમિયાન આજે ઠંડીનો પારો ૩ ડિગ્રી સુધી પરત ફર્યો હોવાથી આંશિક રાહત જોવા મળી રહી છે. જોકે આજે વહેલી સવારે ભેજનું પ્રમાણ વધી ગયું હોવાથી ઝાકળ ભીની સવાર થઈ હતી. ઉપરાંત પવનની તીવ્રતામાં પણ વધારો થયો છે, અને પ્રતિ કલાકના ૨૫ કિ.મી ની ઝડપે પવન ફુંકાયો હતો.

જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલ રૂમના જણાવ્યા અનુસાર આજે સવારે ૮ વાગ્યે પૂરા થતા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી સેન્ટિગ્રેડ, જ્યારે મહત્તમ તાપમાન ૨૫.૫ ડિગ્રી સેન્ટીગ્રેડ નોંધાયું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૯ ટકા રહ્યું હતું, જ્યારે પવનની ગતિ સરેરાશ પ્રતિ કલાકના ૨૦ થી ૨૫ કિ.મી ની ઝડપ રહી હતી.

# લાલપુરના મોડપર ગામેં ગોજારી દુર્ઘટના : કુવામાં ડૂબી જવાથી પિતરાઈ ભાઈ બહેનોએ જીવ ખોયો

## પાણી ભરતી વેળાએ બહેન કૂવામાં પટકાઈ જતા તેને બચાવવા પિતરાઈ ભાઈ પણ કૂદી પડતા બંનેના મોત



જામનગર

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મોડપર ગામમાં આહિર પરિવારમાં ભારે કરુણાંતિકા સર્જાઇ છે. બહેન કુવામાં પાણી ભરવા જતી વખતે અકસ્માતે પટકાઈ પડી હતી, જેને બચાવવા માટે પિતરાઈ ભાઈ પણ કુવામાં કૂદી પડ્યો હતો, અને બંનેના ડૂબી જવાના કારણે મૃત્યુ નીપજ્યા હતા. આ બનાવને લઈને પરિવારમાં ભારે શોકની લાગણી છવાઈ છે.આ બનાવની વિગત એવી છે કે જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મોડપર ગામમાં રહેતા જીવાભાઇ કરમુરની ૨૫ વર્ષની પુત્રી ભારતીબેન ગઈકાલ સવારે પોતાની વાડીના કૂવામાંથી પાણી સિંચી રહી હતી, જે દરમિયાન અકસ્માતે તેણીનો પગ લપસી જતાં કૂવામાં પડી ગઈ હતી.

આ બનાવ સમયે તેની અન્ય બહેનો કુવાના કાંઠે હાજર હતી, અને તેઓએ બુમાભૂમ કરી મુકતાં વાડીમાં જ હાજર રહેલો ભારતીબેનનો પિતરાઈ ભાઈ નકુલ નથુભાઈ માલદે (૧૭ વર્ષ) કે જે તરત જ પોતાની બહેનને બચાવવા માટે કૂવામાં કૂદી પડ્યો હતો, પરંતુ પોતાની બહેનને બચાવી શક્યો ન હતો. અને ભાઈ-બહેન બંનેના ડૂબી જવાથી મૃત્યુ નિપજ્યા હતા. આ બનાવને લઈને આહીર પરિવારમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું હતું.

આ બનાવ અંગેની પોલીસને જાણ કરાતાં મેઘપર પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ લાખનસિંહ જાડેજા ઘટના સ્થળે દોડી ગયા હતા, અને બંને મૃતદેહોને પાણીમાંથી બહાર કઢાવ્યા પછી સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું, અને બન્ને મૃતદેહોનો કબજો તેમના પરિવારજનોને સોંપી દીધો હતો.

# જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડ જુદી જુદી જણસીઓની મબલખ આવક થતા યાર્ડ ઉભરાયું

જામનગર,

જામનગરના હાપા માર્કેટ યાર્ડમાં ગઈકાલે ડુંગળી, લસણ, કપાસ, મગફળીની મબલખ આવક થવા પામી હતી. અને તેની હરાજીમાં ભાવ પણ સારા ઉપજ્યા હતાં.જામનગરના હાપા માર્કેટ યાર્ડમાં વિવિધ ખેત પેદાશોની મબલખ આવક થઈ રહી છે. જેમાં ૧૩૩૫ ગુણી એટલે કે ૨૩૩૬ મણ મગફળીની આવક થવા પામી હતી. અને હરાજીમાં તેનો ભાવ પ્રતિ મણનો રૂ. ૧૦૦૦ થી ૧૩૮૦ સુધી બોલાયો હતો. જ્યારે લસણની ૧૭૦૬ ગુણી (૫૧૧૮ મણ)ની આવક થઈ હતી. અને ભાવ રૂ. ૮૦ થી ૫૦૦ નો રહ્યો હતો. જ્યારે કપાસની ૨૭૫૪ ગુણી (૮૨૬૨ મણ)ની આવક થઈ હતી અને હરાજીમાં તેનો ભાવ એક મણનો ૧૫૦૦ થી ૧૭૩૦ નો રહ્યો હતો. જીરૂની ૪૧૫ ગુણી એટલે કે ૧૨૪૫ મણની આવક થઈ હતી. અને ભાવ રૂ. ૫૪૦૦ થી ૬૬૭૦ નો રહ્યો હતો. અજમાની ૯૦૧ ગુણી (૨૭૦૩ મણ) ની આવક થઈ હતી. અને ભાવ રૂ. ૨૨૦૦ થી ૫૦૫૦નો રહ્યો હતો.

ડુંગળીની ૨૪૫૦ ગુણી (૭૩૫૦ મણ) ની આવક થઈ હતી. અને હરાજીમાં ભાવ રૂ. ૪૦ થી ૩૧૦ નો બોલાયો હતો. તથા મરચાની ૬૮૮ ગુણી એટલે કે ૧૨૦૪ મણની આવક થઈ હતી અને હરાજીમાં તેનો ભાવ રૂા. ૨૨૦૦ થી ૪૭૪૦ નો બોલાયો હતો. આમ યાર્ડમાં જણસોની મબલખ આવક થઈ રહી છે.

# જામનગરમાં હાપા સ્થિત જલારામ મંદિરમાં 111 જાતના રોટલા પ્રસાદરૂપે ધરાવાયા

**સાથોસાથ ગીનેશ બુક ઓફ વર્ડ રેકોર્ડમાં સ્થાન પામેલો ૭ ૭ ફૂટનો રોટલો પણ બનાવાયો**




જામનગર

સંત જલારામ બાપાના ભકતોની સંખ્યા ખૂબ મોટી હોઈ ત્યારે ગુજરાતનાં દરેક શહેરમાં જલારામ મંદિર હોય છે. અને મોટા ભાગના મદિરમાં રોટલા ખીચડીનું સદાવ્રત ચાલતું હોય છે,

૧૭ જાન્યુઆરી ૧૮૨૦ નાં સંત જલારામ બાપા વીરપુરમાં અન્નક્ષેત્ર સારૂ કર્યું હોય તેની યાદમાં જામનગરના જલારામ મંદિર હાપા ખાતે ગઈકાલ ૧૭ જાન્યુઆરીનાં રોજ ૧૧૧ પ્રકારના રોટલાનો અન્નકુટ રાખવામાં આવ્યો હતો.

૧૧૧ અલગ અલગ પ્રકારના રોટલા બનાવી સાંજના ૪ થી ૮ વાગ્યા સુધી જલારામ ભકતોનાં દર્શન અર્થે રાખવામાં આવ્યા હતા, અને ત્યાર બાદ અન્નક્ષેત્રમાં આવેલા ભક્તોને આ રોટલા પ્રસાડીરૂપે ખવડાવવામાં આવ્યો હતો. આ રોટલા ઉત્સવના દર્શન માટે અનેક જલારામ ભક્તો હાજર રહ્યા હતા, અને દર્શનનો લાભ લીધો હતો.

હાપા જલારામ મંદિરે અગાઉ પ્રસાદ રૂપે સાત ફૂટ સાત બાય સાત ફૂટનો વિશાળ કદનો રોટલો બનાવ્યો હતો, અને ગિનિસ બુક ઓફ વર્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું, જે પ્રકારનો રોટલો પણ આ વખતે બનાવાયો હતો, અને પ્રસાદરૂપે ધરવામાં આવ્યો હતો.

# જામનગરમાં પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર આગામી તા. ૨૦ અને ૨૧ ઈન્સ્પેક્શન માટે આવશે

**સુરેન્દ્રનગરથી હાપા સુધી ૧૯૨ કિ.મી.ના રેલ માર્ગનું ઈન્સ્પેક્શન કરનાર છે**

જામનગર,

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર ઈન્સ્પેક્શન માટેના પ્રવાસ કાર્યક્રમમાં ફેરફાર થયો છે. હવે તેઓ તા. ૨૦-૧ ના રોજ આવનાર છે.

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર અશોકકુમાર મિશ્રા તા. ૨૦ ના વાર્ષિક ઈન્સ્પેક્શન માટે આવી રહ્યા છે. તેઓ રાજકોટ રેલવે ડિવિઝનમાં સમાવિષ્ઠ સુરેન્દ્રનગરથી હાપા સુધી ૧૯૨ કિ.મી.ના રેલ માર્ગનું ઈન્સ્પેક્શન કરનાર છે. આ ઉપરાંત ભાવનગર રેલવે ડિવિઝનમાં સમાવિષ્ઠ પોરબંદર-વાંસજાળિયાથી રાજકોટ અને ત્યાંથી વેરાવળ-સોમનાથના ૧૬૨ કિ.મી.ના રેલ માર્ગમાં ઈન્સ્પેકશન તા. ૨૧-૧-૨૦૨૩ ના કરનાર છે.

અગાઉ તેમનો તા. ૧૮ અને ૧૯ મી જાન્યુઆરીએ કાર્યક્રમ જાહેર થયો હતો. હવે તેમાં ફેરફાર થયો છે અને નવા કાર્યક્રમમાં તેઓ તા. ૨૦ અને ૨૧ એમ બે દિવસનો જાહેર થયો છે. પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરના કાર્યક્રમના અનુસંધાને રાજકોટ રેલવે ડિવિઝનના સંબંધિત વિભાગો દ્વારા આનુસાંગિક તૈયારીઓ કરવામાં આવી રહી છે. અને તેને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

# જામનગરના ASI રાજકોટના ASI વતી લાંચ લેતા રંગે હાથ ઝડપાયા

**ઢોરને આપવાના ઇન્જેક્શન મામલે શખ્સનું નામ નહીં ખોલવા ૫૦ હજારની લાંચ માંગી હતી**



જામનગર

જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં ફરજ બજાવતા એ.એસ.આઈ. તેમજ રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. કે જે બંનેને ઢોરને આપવાના ઈન્જેકશન અંગેના ગુનામાં ધોરાજીના એક શખ્સનું નામ નહી ખોલવા માટે રૂપિયા ૩૫,૦૦૦ ની લાંચ લેતાં ઝડપી લેવાયા છે. જેથી જામનગર અને રાજકોટના પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.

આ બનાવની વિગતો એવી છે કે ધોરાજીના એક શખ્સ કે જેનું ઢોરને ઈન્જેક્શન આપવામાં નામ સામે આવી રહ્યું હતું, તે ગુનામાંથી તેનું નામ કાઢી નાખવા માટે રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.ના એ.એસ.આઈ પરવેશભાઈ શમા કે જેણે ૫૦,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી, અને તેમાં આખરે ૩૫,૦૦૦ રૂપિયા આપવાનું નક્કી થયું હતું.

પરંતુ ફરિયાદી આ રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે તરત જ જામનગર એ.સી.બી.શાખાનો સંપર્ક સાધ્યો હતો, અને તે મુજબ લાંચનું છટકું ગોઠવાયું હતું, જે અનુસંધાને રાજકોટના પરવેઝ શમાએ કહ્યું હતું કે હું કહું તેને તમે રકમ પહોંચાડી દેજો, જેથી લાંચની ૩૫,૦૦૦ ની રકમ જામનગરમાં સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં ઉદ્યોગ નગર પોલીસ ચોકીમાં ફરજ બજાવતા એ.એસ.આઈ હમિદભાઈ જુસબભાઈ પરિયાણીને આપવાનું નક્કી કર્યું હતું, જે હાલ ઉદ્યોગ નગર પોલીસ ચોકીમાં પર જ બજાવે છે.

જેણે જામનગરના જુના જકાતનાકા નજીક આવેલી કેશવ હોટલ પાસે લાંચની રકમ પહોચાડવાનું કહેતાં એસીબીની ટીમે લાંચનું છટકું ગોઠવ્યું હતું, જેમાં જામનગરના એ.એસ.આઈ. હમીદભાઈ ૩૫,૦૦૦ ની લાંચની રકમ સ્વીકારતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. જેની અટકાયત કરી લઈ એસીબીની કચેરીએ લઈ જવામાં આવ્યા છે.

આ ઉપરાંત આ પ્રકરણ મામલે રાજકોટ પોલીસને પણ જાણ કરી દેવાઇ હતી, જેથી રાજકોટ પોલીસની ટીમ દ્વારા રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.ના એએસઆઈ પરવેશભાઇ શમાની પણ અટકાયત કરી લેવાઈ હતી, અને તેઓને જામનગર એસીબીની કચેરીએ સોંપી દેવામાં આવ્યા છે. જ્યાં બંનેની વધુ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે. જેના અનુસંધાને જામનગર અને રાજકોટના પોલીસ બેડામાં ખળભળાટ માચી ગયો છે.

# જામનગરના હેડ ક્વાર્ટરમાં બોમ્બ ડિસ્પોઝલ અને ડોગ સ્કવોર્ડની મુલાકાત લેતા આઈ જી અશોક યાદવ




જામનગર

રાજકોટ રેન્જના આઈ.જી.પી.અશોક યાદવ જામનગરની મુલાકાતે આવ્યા છે. અને તેઓએ બે દિવસ માટેનો જામનગરનો મુકામ રાખ્યો છે, ત્યારે ગઈકાલે તેઓએ જામનગરના પોલીસ હેડ ક્વાર્ટરમાં બોમ્બ સ્કવોર્ડ તેમજ ડોગ સ્કવોર્ડની મુલાકાત લીધી હતી, અને સમગ્ર કામગીરીથી વાકેફ થયા હતા. રાજકોટ રેન્જ આઈ. જી. અશોકકુમાર યાદવ દ્વારા જામનગર જિલ્લાના વાર્ષિક તપાસણી અર્થે જામનગર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે બી.બી.ડી.એસ. તેમજ ડોગ સ્કવોર્ડની મુલાકાત લીધી હતી.અને કામગીરી અંગે જરૂરી સુચનો કરવામાં આવ્યા હતા. તેમજ પોલીસ હેડ ક્વાર્ટરમાં મહિલાઓના સંમેલનમાં આઈ જી પી ઉપસ્થિત રહયા હતા, અને ત્યાં પણ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# રાજકોટ શહેરમાં મનપાના અનામત પ્લોટમાં થયેલા દબાણો દૂર કરાયા : બાંધકામોનો કડુસલો

## વેસ્ટ ઝોન ટી.પી. શાખાએ ૨ ઓરડી - ૪૦ ઝુપડા તોડી ૧૨૯ કરોડની કિંમતી જમીન ખુલ્લી કરાવી



રાજકોટ તા. ૧૮ : રાજકોટ શહેરના વિવિધ વિસ્તામરોમાં મનપાના અનામત પ્લોનટમાં ગેરકાયદેસર દબાણ ખડકી દેવાતા તંત્રએ લાલ આંખ કરી ડીમોલેશન હાથ ધરેલ. જેમાં શીતલ પાર્ક ચોક તથા રામ પાર્ક વિસ્તારરમાંથી ઓરડી તથા ઝુપડાઓ ઉપર બુલડોઝર ફેરવી રૂા. ૧૨૯ કરોડની ૧૭૪૩૩.૦૦ ચો.મી. કિંમતી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.મનપાની સત્તાવાર યાદીમાં જણાવ્યાડ મુજબ ટાઉન પ્લા૦નીંગ શાખા દ્વારા વેસ્ટ ઝોન કચેરી હેઠળના વિસ્તા રમાં કમિશ્નર અમીત અરોરાના આદેશાનુસાર ટાઉન પ્લાણનીંગ ઓફિસર એમ. ડી. સાગઠીયા ના માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકાની ટાઉન પ્લાાનીંગ શાખા દ્વારા આજે ટાઉન પ્લાફનીગ સ્કીમ નં.૯-(અંતિમ)?તથા ૭-નાનામવા(અંતિમ)ના અમલીકરણના ભાગરૂપે તથા રાજકોટ મહાનગરપાલિકાને પ્રાપ્ત થતા અનામત પ્લોલટમાં થયેલ ગેરકાયદેસર દબાણ/બાંધકામ દુર કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૭૪૩૩.૦૦ ચો.મી.ની અંદાજીત ૧૨૯?કરોડ?ની જમીન ખુલ્લી કરાવેલ છે.

જેમાં વોર્ડ નં. ૧ ની ટી.પી. સ્કીચમ નં.૯-રાજકોટ, અંતિમ ખંડ નં.સી-૭ (વાણીજય વેંચાણ), શીતલ પાર્ક ચોક, વન વર્લ્ડ ની બાજુમાં, ૧૫૦' રીંગ રોડ,રાજકોટ ખાતેથી ૨ ઓરડી તોડી પાડી ૧૨૫૩૩ ચો.મી.ની ૧૦૦ કરોડની જમીન ખુલ્લી કરાવાયેલ.

જયામરે વોર્ડ નં. ૧૧માં ટી.પી. સ્કીઓમ નં.૭-નાનામવા, અંતિમ ખંડ નં.૩/૩/એ (રહેણાંક વેંચાણ), ધોળકિયા સ્કુરલ પાછળ, રામપાર્ક ની બાજુમાં, ૧૫૦' રીંગ રોડ, રાજકોટ ખાતે ૪૦ અસ્થાદયી ઝુંપડા હટાવી ૪૯૦૦ ચો.મી.ની ૨૯ કરોડની જગ્યાવ હસ્તાગત કરાયેલ.આ ડીમોલીશનમાં ટાઉન પ્લાનનીંગ શાખા વેસ્ટા ઝોનના આસી. ટાઉન પ્લા૦નર એમ. આર.? મકવાણા,?આર. એમ. વાછાણી તથા વેસ્ટન ઝોનનો તમામ ટેકનીકલ સ્ટોફ,?જગ્યા રોકાણ શાખાનો સ્ટા ફ, રોશની શાખાનો સ્ટાફ તેમજ કાયદો અને વ્યલવસ્થાો જળવાઈ રહે તે માટે વિજિલન્સાનો પોલીસ સ્ટાંફ સ્થ ળ પર હાજર રહેલ.

# રાજકોટ લક્ષ્મીનગરના નાલા પાસે બિલ્ડરને માથામાં હથિયાર ઝીંકી પિસ્તોલની લૂંટ

## પક્ષીઓને પથ્થર મારતા શખ્સોને ટપારતા હુમલો : સારવારમાં દવાખાને ખસેડાયા : લુટારુઓની શોધખોળ

રાજકોટ,

રાજકોટમાં લૂંટ અને મારામારીના બનાવો અટકવાનું નામ નથી લેતા તેવી જ રીતે રાજકોટમાં આજે સવારે લક્ષ્મીનગરના નાલા પાસે રેલવે ટ્રેક નજીક પક્ષીઓને ચણ નાખવા તેમજ શ્વાનને બિસ્કીટ નાખવા ગયેલા રાજકોટના બિલ્ડર ને બે શખ્સોએ માથાના ભાગે કોઈ હથિયાર ઝીંકતા તેઓ લોહી લુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા.બાદમાં આ બે શખ્સોએ બિલ્ડર પાસે રહેલું પરવાના વાળી પિસ્તોલ લઈ નાસી ગયાનો બનાવ બનતા આજુબાજુના લોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને બિલ્ડરને સારવાર માટે તુરંત ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ સમગ્ર ઘટનાની જાણ થતાં જ એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તેમજ રેલવે પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો.બંને પોલીસમાંથી રેલવેની હદમાં બનાવ બન્યો હોવાનું સ્પષ્ટ થતા ભક્તિનગર રેલવે પોલીસના સ્ટાફે બિલ્ડરનું નિવેદન લઈ તપાસ શરૂ કરી છે.

વધુ વિગતો મુજબ, રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર બીગબજારની સામે સિલ્વર સ્ટોન બિલ્ડીંગમાં રહેતા અને જમીન મકાનના વ્યવસાય સાથે સંકળાયેલા રહેલા સવજીભાઈ વીરાભાઈ ડાંગર(ઉ.વ.૬૫)નામના વૃદ્ધ રોજના નિત્ય ક્રમ મુજબ સવારે પોતાનું વાહન લઈ હેમુગઢવી હોલની પાછળથી લઈ લક્ષ્મીનગરના નાલા સુધીના રસ્તે પક્ષીઓને ચણ અને શ્વાનને બિસ્કિટ નાખવા ગયા હતા.ત્યાં લક્ષ્મીનગરના નાલા પાસે પક્ષીઓને ચણ નાખી રહ્યા હતા.તે સમયે ત્યાં રેલ્વે ના પાટા પાસે બે શખ્સો પક્ષીઓને પથ્થર મારી ભગાડી રહ્યા હતા એ સમયે સવજીભાઈએ આ બંને શખ્સોને ત્યાંથી દૂર જતું રહેવા માટે ઠપકો આપ્યો હતો.થોડીવારમાં તે લોકો ત્યાંથી જતા રહ્યા હતા અને બાદમાં જ્યારે સવજીભાઈ પક્ષીઓને ચણ નાખી રહ્યા હતા ત્યારે બે સકસો પાછળથી આવી કોઈ અત્યારે સવજીભાઈના માથામાં ફટકારી દીધું હતું માથામાં હથિયાર ફટકારતા જ સવજીભાઈ લોહી લુહાણ હાલતમાં નીચે ઢળી પડ્યા હતા અને તેની પાસે રહેલી પરવાના વાળી પિસ્તોલ લૂંટી બંને શખ્સો ત્યાંથી પલાયન થઈ ગયા હતા.બાદમાં ત્યાં સવજીભાઈને લોહીલુહાણ હાલતમાં કણસી રહેલા જોઈ આજુબાજુના લોકોએ સવજીભાઈને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બાદમાં સવજીભાઈએ તુરંત તેમના પુત્ર જયદીપ ને કોલ કરતા જયદીપ પણ હોસ્પિટલે પહોંચી ગયો હતો અને હોસ્પિટલમાંથી સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતા એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

આ સમગ્ર બનાવ એ ડિવિઝન પોલીસ મથકની હદમાં આવતો ન હોય જેથી તેઓએ રેલવે પોલીસ ને જાણ કરી હતી અને રેલવે પોલીસના પીઆઇ એસ.આર.પટેલ સહિતનો સ્ટાફ હોસ્પિટલમાં પહોંચી ગયો હતો અને સવજીભાઈનું નિવેદન લઈ ફરિયાદ નોંધી હતી તેમજ એક ટીમને ઘટનાસ્થળે રવાના કરી બંને લૂંટારુંને પકડી લેવા કવાયત આદરી છે.

# બાળકોને ગણવેશ સાથે જરૂરી ગરમ ગરમ કપડાં પહેરવાની છુટ

## રાજકોટ જીલ્લામાં પ્રાથમિક શાળાઓ સવારે ૮ કલાકે શરૂ કરવા ડી.ઇ.ઓ.નો પરિપત્ર



રાજકોટ,

જિલ્લા શિક્ષણધિકારી શ્રી બી.એસ.કૈલાએ શિયાળાની કાતિલ ઠંડીને અનુલક્ષીને રાજકોટ શહેર, જિલ્લાની તમામ શાળાઓના સમયમાં ફરેફાર બાબતે પરિપત્ર પ્રસિધ્ધૈ કર્યો છે.

પરિપત્રમાં જણાવ્યું છે કે રાજકોટ જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યનમિક/ઉચ્ચરત્તાર માધ્યદમિક શાળાઓના આચાર્યોને હાલની કોલ્ડરવેવની પરિસ્થિતિ ધ્યારને રાખીને સવારની શાળાઓનો સમય સવારે એક કલાક મોડો અથવા સવારે ૮ વાગ્યો પછી આપની સ્થા નિક પરિસ્થિનતિને ધ્યાસને રાખી વિવેકપૂર્ણ રીતે બાળકોને ઠંડી સામે રક્ષણ મળે તે રીતે મોડો રાખી બાળકોનું આરોગ્યા સચવાય તેમજ શિક્ષણકાર્યને પણ અસર ન થાય તે રીતે આપને સૂચના આપવામાં આવે છે. આ મુદત તા.૨૧/૧ સુધી ચાલુ રહેશે, ઠંડી સામે રક્ષણ મળી રહે તે માટે શાળાના યુનિફોર્મ સાથે અન્યે જરૂરી ગરમ વષાો પહેરવાની પણ બાળકોને છુટ આપવાની રહેશે. નવી સુચના ન મળે ત્યા્ સુધી શાળા ૮ પહેલા શરૂ કરવી નહી.

# રાજકોટ યાર્ડમાં મધ્ય પ્રદેશના નવા લસણની આવક: ૮૦૧ રૂા.ના ભાવે સોદા પડયા

## ગત વર્ષ કરતા ભાવ ૨૦૦ થી ૩૦૦ રૂા. ઉંચો રહે તેવી શક્યતા



રાજકોટ તા. ૧૮ : રાજકોટ માર્કેટયાર્ડમાં આજે મધ્યગપ્રદેશની નવા લસણની આવકો થઇ હતી અને એક મણના ૮૦૧ રૂા.ના ભાવે સોદા પડયા હતા.રાજકોટ યાર્ડમાં એમપીના નવા લસણના દાગીનાની આવક થઇ હતી અને એક મણના ૮૦૧ રૂા. ભાવે સોદા પડયા હતા જયારે જુના લસણની ૫૨૦૦કવીન્ટથલની આવક હતી. જુના લસણ એક મણના ભાવ ૨૦૦ થી ૫૫૫ રૂા. હતા. વેપારી સુત્રોના જણાવ્યાન મુજબ છેલ્લા બે વર્ષથી લસણના ભાવો ઓછા હોય ચાલુ વર્ષે વાવેતર ઓછુ થયું છુ જો કે, સૌરાષ્ટ્ર ના નવા લસણની ૨૦ થી ૨૫ દિ' પછી આવકો શરૂ થશે અને ચાલુ વર્ષે નવા લસણના ભાવ ૭૦૦ થી ૧૦૦૦ રૂા. રહે તેવી શકયતા છે. ઓછા વાવેતરના કારણે ચાલુ વર્ષે લસણના ભાવ ઉંચા રહેશે.

# ચોટીલા પાસે હિટ એન્ડ રનમાં રાજકોટના બાળકનું મોત: માતાને ઈજા

## ચોટીલાથી બાઈકમાં પરત ફરતા પરિવારને અજાણ્યા વાહને હડફેટે લીધા

રાજકોટ,

રાજકોટમાં મોરબી રોડ પર રહેતું દંપતી ચોટીલાથી બાઇકમાં પરત ફરતું હતુ ત્યારે અજાણ્યા વાહને હડફેટે લેતા આ અકસ્માતમાં માતા અને તેના નવ માસના બાળકને ઈજા પહોંચી હતી.જેથી બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવતા ગંભીર રીતે ઘવાયેલા બાળકે ટૂંકી સારવાર બાદ આંખો મીંચી દીધી હતી.બનાવ અંગે પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તેને ઝડપી લેવા શોધખોળ શ કરી છેઅકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ,સાંજના સમયે ચોટીલા નજીક અજાણ્યા વાહને બાઈકને હડફેટે લેતા બાઈક ચાલક યુવાન કમલેશ શાપરાને સામાન્ય ઈજા પહોંચી હતી.જયારે તેની પત્ની શારદા(ઉ.વ ૨૨) અને નવ માસના પુત્ર દિક્ષીતને ગંભીર ઈજા પહોંચતા બંનેને પ્રથમ ચોટીલા હોસ્પિટલ બાદમાં વધુ સારવાર માટે રાજકોટની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.અહીં સારવાર દરમિયાન માસુમ બાળકે દમ તોડી દીધો હતો.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે જરી કાર્યવાહી કરી હતી. અકસ્માતના આ બનાવની વધુમાં જાણવા મળતી વિગતો મુજબ,રાજકોટમાં મોરબી રોડ પર ગણેશનગરમાં રહેતા કમલેશભાઇ શાપરા પત્ની શારદા અને પ્રુી દિક્ષીતને લઇ બાઇકમાં ચોટીલા ગયા હતાં.જયાંથી પરત ફરતા સમયે આ અકસ્માત નડતા તેમા નવ માસના પુત્રનું મોત થયું હતું.વાહાલાસોયા પુત્રના મોતથી દંપતી આઘાતમાં સરી પડયું છે.આ અંગે પોલીસે બાઇકને ઠોકરે લેનાર અજાણ્યા વાહન ચાલકને શોધી કાઢવા તપાસ હાથ ધરી છે.








"અકસ્માતના સ્થળ પર ફક્ત દર્શક નહીં, પીડિતોના રક્ષક બનીએ."
-શ્રી હર્ષ સંઘવી, મંત્રી રાજ્યકક્ષા, વાહનવ્યવહાર (સ્વતંત્ર હવાલો)

સરકારની નવી યોજના અંતર્ગત માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વ્યક્તિઓને પ્રથમ કલાક (ગોલ્ડન અવર)ની અંદર હૉસ્પિટલ/ટ્રોમા કેર સેન્ટરમાં સારવાર માટે પહોંચાડવામાં મદદરૂપ થનાર વ્યક્તિ એટલે કે ગુડ સમેરિટનને રોકડ પુરસ્કાર તથા પ્રશંસાપત્ર આપવામાં આવશે.

- માર્ગ અકસ્માતમાં ગંભીર ઇજા પામેલા પીડિતોને મદદરૂપ થનાર ગુડ સમેરિટનને ₹ ૫૦૦૦ રોકડ પુરસ્કાર અને પ્રશંસાપત્ર આપવામાં આવશે. આ ઉપરાંત શ્રેષ્ઠ કામગીરી કરનાર ગુડ સમેરિટનને રાષ્ટ્રીય કક્ષાએ ₹ ૧ લાખ પુરસ્કાર માટે પસંદગીની પણ તક મળશે.
- રોકડ પુરસ્કાર માટે ગુડ સમેરિટનની પસંદગી જિલ્લા સ્તરની અપ્રેઈઝલ કમિટી દ્વારા કરવામાં આવશે તથા રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ માટેના નામાંકન મોકલવા માટે ગુડ સમેરિટનની પસંદગી રાજ્ય સ્તરની અપ્રેઈઝલ કમિટી દ્વારા કરવામાં આવશે.
- રોકડ પુરસ્કાર ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા સીધા ગુડ સમેરિટનના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

વધુ વિગતો માટે www.morth.nic.in વેબસાઇટ વિઝિટ કરો અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરો

કોઈ પ્રશ્ન પણ નહીં પૂછે ને કોઈ નહીં રંજાડે જે ઘાયલને તરત લઈને હૉસ્પિટલે પહોંચાડે

GUJARAT Road Safety Authority Each Road, Safe Road
ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી
બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, ગુજરાત સરકાર
GRSAofficial


# રાજકોટ એસ.ટી. બસ સ્ટેન્ડમાં મુસાફરનું ખીસ્સું હળવું થયું : ૫૮ હજાર ગઠીયો સેરવી ગયો

## ઈલેકટ્રીક સ્કુ ટર લેવા માટે રાજકોટ આવ્યુ'તાઃ પોલીસમાં ફરિયાદ

રાજકોટ તા. ૧૮ : રાજકોટ શહેરના એસ.ટી.બસ સ્ટઆશેનમાં બસમાં ચડતી વખતે ભીડનો લાભ લઇ ગઠીયાએ દ્વારકાના જામરાવલ ગામના આધેડના ખીસ્સાવમાંથી રૂા.૫૮,૫૦૦ ની રોકડ રકમ સેરવી લઇ નાશી ગયાની ફરીયાદ નોધાઈ છે. મળતી વિગત મુજબ દ્વારકા-કલ્યાથણ પુરના જામરાવલ ગામમાં રહેતા અને પોરબંદરમાં આર.ટી.ઓ. ઓફીસમાં સીકયોરીટીમેન તરીકે નોકરી કરતા મનોજભાઇ ચુનીલાલભાઇ બુધભટ્ટી (ઉ.૪૬) એ એ ડીવીઝન પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાંજણાવ્યુંક છે કે, પાંચ દિવસ પહેલા પોતે ઘરે હતા ત્યા રે ફેસબુક જોતા તેમાં માર્કેટ પ્લમસ નામના પેઈજમાં ઈલેકટ્રીક સ્કુ ટરની જાહેરાત આવેલ અને પોતાના પુત્ર માટે સ્કુયટર લેવાનું હોઈ તેથી પોતે પત્નીં સાથે રાજકોટ આવ્યાક હતા અને અહી સંબંધીના ઘરે રોકાયા હતા બાદ જામરાવલ ગામે જવા માટે રાજકોટ એસ.ટી.બસ સ્ટોન્ડે આવી પ્લેધટ ફોમ નં.૧૦ ઉપર જામનગર રૂટની બસની રાહ જોતા થોડીવાર બાદ જામનગર રૂટની બસ આવતા પોતે બસમાં બેસી ગયા બાદ કન્ડ કટર આવતા પોતે ટીકીટ લેવા માટે ખીસ્સામમાં હાથ નાખતા ઈલેકટ્રીક સ્કુપટર લેવા માટે ખીસ્સાડમાં રાખેલા રૂા.૫૮૫૦૦ રોકડા જોવા ન મળતા બસમાં ચડતી વખતે ભીડનો લાભ લઇ કોઇ અજાણ્યાર શખ્સી ખીસ્સા માંથી પૈસા સેરવી લીધા હોવાની ખબર પડી હતી બાદ પોતે એ ડીવીઝન પોલીસ મથકમાં જાણ કરતા હેડ કોન્સલ એલ.એ.જતાપરાએ મનોજભાઇની ફરીયાદ દાખલ કરી એ.એસ.આઇ.આર. આર.સોલંકીએ તપાસ હાથ ધરી છે.